RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 8 * Issue No. 262* Date: 19.07.2022, Tuesday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

# દેશના ૧૫માં રાષ્ટ્રપતિની પસંદગી માટે થયું મતદાન




નવીદિલ્હી,તા.૧૮

રાષ્ટ્રપતિ ચૂંટણી ૨૦૨૨ માટે આજે સવારે ૧૦ વાગ્યાથી મતદાન શરૂ થયું જે સાંજે ૫ વાગ્યા સુધી ચાલ્યું હતું એનડીએના ઉમેદવાર દ્રૌપદી મુર્મૂને વિપક્ષના જોઈન્ટ ઉમેદવાર યશવંત સિન્હા પડકાર આપી રહ્યા છે. દેશના ૧૫માં રાષ્ટ્રપતિ માટે આજે મતદાન થઈ છે. સંસદ અને રાજયની વિધાનસભાઓમાં મતદાન થઈ છે.

સવારે પીએમ મોદી પણ મતદાન કરવા માટે સંસદ ભવન પહોંચ્યા. જ્યાં તેમણે મતદાન કર્યું. વડાપ્રધાન બાદ કેન્દ્રીય મંત્રીઓ વિવિધ પક્ષોના સાંસદોએ મતદાન કર્યું હતું રાષ્ટ્રપતિની ચુંટણી માટે વિવિધ રાજયોની વિધાનસભામાં પણ મતદાન સવારના ૧૦ વાગ્યાથી શરૂ થયું હતું.જેમાં ધારાસભ્યોએ મતદાન કર્યું હતું.સુત્રોના જણાવ્યા અનુસાર કેટલાક રાજયોમાં ક્રોસ મતદાન પણ થયું છે.ચૂંટણીમાં એનડીએના ઉમેદવાર દ્રૌપદી મુર્મુની જીત તેમજ દેશના સર્વોચ્ચ બંધારણીય પદ પર પ્રથમ વખત આદિવાસી મહિલાનો તાજ નિશ્ચિત છે. ૨૭ પક્ષોના સમર્થન સાથે દ્રૌપદી મુર્મુનો હાથ ઉપર છે. તે જ સમયે, માત્ર ૧૪ પક્ષોના સમર્થનથી, સિંહાને લગભગ ૩.૬૨ લાખ મત મળવાની અપેક્ષા છે.કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી. નડ્ડાએ રાષ્ટ્રપતિની ચૂંટણી માટે પોતાનો મત આપ્યો.પૂર્વ પીએમ અને કોંગ્રેસના સાંસદ મનમોહન સિંહ વ્હીલચેર પર સંસદમાં આવ્યા અને તેમણે સહાયકોની મદદથી ભારતના રાષ્ટ્રપતિ પદ માટે થઈ રહેલી ચૂંટણી માટે મતદાન કર્યું. ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે લખનૌમાં રાષ્ટ્રપતિની ચૂંટણી માટે પોતાનો મત આપ્યો હતો આવી જ રીતે ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે ગુજરાત વિધાનસભામાં પોતાનો મત આપ્યો.સંસદ ભવન સંકુલના પહેલા માળે આવેલ રૂમ નંબર ૬૩ને મતદાન મથક તરીકે બદલી દેવામાં આવ્યો હતો જયારે રાજયની વિધાનસભાઓમાં પણ એક સાથે મતદાન થઈ છે. રાષ્ટ્રીય રાજધાની દિલ્હીની વિધાનસભામાં પણ મતદાનની પ્રક્રિયા હાથ ધરાઈ હતી.ઉત્તરપ્રદેશમાં સમાજવાદી પાર્ટીમાંથી અલગ થઈને પ્રગતિશીલ સમાજવાદી પાર્ટી બનાવનારા શિવપાલ યાદવે પણ ચોંકાવનારું નિવેદન આપતા કહ્યું કે નેતાજી (મુલાયમ સિંહ યાદવ)ને આઈએસઆઈના એજન્ટ કહેનારા (વિપક્ષના રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર યશવંત સિન્હા)નું અમે ક્યારેય સમર્થન કરી શકીએ નહીં. સપાના કટ્ટર નેતા, નેતાજીના સિદ્ધાંતોનું પાલન કરનારા આવા આરોપ લગાવનારા ઉમેદવારનું ક્યારેય સમર્થન કરશે નહીં. યુપીમાં સપાના બરેલીના ભોજીપુરાના ધારાસભ્ય શહજીલ ઈસ્લામે રાષ્ટ્રપતિ ચૂંટણીમાં ક્રોસ વોટિંગ કર્યું હોવાનું જાણવા મળ્યું છે. તેમણે એનડીએના ઉમેદવાર દ્રૌપદી મુર્મૂને મત આપ્યો છે. ઓડિશાના કોંગ્રેસના ધારાસભ્ય મોહમ્મદ મુકીમે દાવો કર્યો છે કે તેમણે એનડીએના ઉમેદવાર દ્રૌપદી મુર્મૂને મત આપ્યો છે. તેમણે કહ્યું કે આ તેમનો વ્યક્તિગત નિર્ણય છે અને તેમણે તેમના અંતરાત્માનો અવાજ સાંભળ્યો છે અને દ્રૌપદી મુર્મૂને મત આપ્યો છે. રાષ્ટ્રપતિની ચૂંટણીમાં ક્રોસ વોટિંગનો જે ડર હતો આખરે તે જ થયું. ગુજરાતમાં પ્રથમ ક્રોસ વોટિંગ થયું છે. એનસીપીના ધારાસભ્ય કાંધલ જાડેજાએ ક્રોસ વોટિંગ કર્યું. કાંધલ જાડેજાએ એનડીએ ઉમેદવારને મત આપ્યો હોવાનો દાવો કર્યો છે. એનસીપીએ રાષ્ટ્રીય સ્તરે યશવંત સિંહાને સમર્થન આપ્યુ છે. કાંધલ જાડેજા એ કુતિયાણાથી એનસીપીના ધારાસભ્ય છે. તેમણે ક્રોસ વોટિંગ કરતા કહ્યુ કે, મેં બીજેપીના ઉમેદવારને વોટ આપ્યો છે. મતદાન વચ્ચે વિપક્ષના ઉમેદવાર યશવંત સિન્હાએ મોટું નિવેદન આપ્યું અને કહ્યું કે આ ચૂંટણી મહત્વપૂર્ણ છે. આ ચૂંટણી નક્કી કરશે કે લોકતંત્ર છે કે નહીં. આ સાથે જ સાંસદો અને ધારાસભ્યોને કહ્યું કે તમારા અંતરાત્માનો અવાજ સાંભળો અને પ્રજાતંત્રને બચાવવા માટે મતદાન કરો. રાષ્ટ્રપતિની ચૂંટણી ઈલેક્ટોરલ કોલેજ દ્વારા કરવામાં આવે છે. ઈલેક્ટોરલ કોલેજમાં સંસદના બંને ગૃહ એટલે કે લોકસભા અને રાજ્યસભાના ચૂંટાયેલા સભ્યો અને તમામ વિધાનસભાઓના ચૂંટાયેલા સભ્યો સામેલ હોય છે. તમામ સાંસદો અને ધારાસભ્યોને 'ઈલેક્ટોરલ કોલેજ' કહેવામાં આવે છે અને તેમાંથી દરેક જણને 'ઈલેક્ટર' કહેવામાં આવે છે. રાષ્ટ્રપતિ ચૂંટણીમાં દરેક સાંસદના વોટની વેલ્યૂ સમાન હોય છે, ઉત્તર પ્રદેશના ધારાસભ્યોના મતનું મૂલ્ય ૨૦૮ છે, જયારે ઝારખંડ અને તમિલનાડુના ધારાસભ્યોના મત ૧૭૬ છે. તે મહારાષ્ટ્રમાં ૧૭૫, સિક્કિમમાં સાત, નાગાલેન્ડમાં નવ અને મિઝોરમમાં આઠ છે. જો મુર્મુ આ ચૂંટણી જીતે છે અને રાષ્ટ્રપતિ બને છે, તો તે આ ટોચના પદ પર પહોંચનાર આઝાદી પછી જન્મેલા પ્રથમ નેતા હશે.

# ઈન્દોરથી પુના જઈ રહેલી બસ ખાલઘાટની પાસે નર્મદા નદીમાં પડતા ૧૩ના લોકોના મોત,બસમાં ૫૫ લોકો હતાં

ધાર,તા.૧૮

મધ્યપ્રદેશના ધાર જિલ્લામાં સોમવારે સવારે ઈન્દોર-ખરગોનની વચ્ચે મોટો અકસ્માત થયો છે. ઈન્દોરથી પુના જઈ રહેલી બસ સવારે લગભગ પોણા દસ વાગ્યે ધામનોદમાં ખાલઘાટની પાસે નર્મદામાં પડી હતી. બસમાં મહિલાઓ-બાળકો સહિત ૪૦ મુસાફરો સવાર હતા. અત્યાર સુધીમાં ૧૩ શબને બહાર કાઢવામાં આવ્યા છે. મૃતકોની ઓળખ હજી થઈ શકી નથી. ગૃહમંત્રી નિરોત્તમ મિશ્રાએ કહ્યું કે ૧૫ મુસાફરોને જીવતા બહાર કાઢવામાં આવ્યા છે.



બસ ખલઘાટમાં ટૂ-લેન પુલ પર કોઈ- વાહનનો ઓવરટેક કરતી વખતે અનિયંત્રિત થઈ ગઈ હતી. ડ્રાઈવરે સંતુલન ગુમાવી દીધું હતું અને રેલિંગ તોડીને બસ નદીમાં પડી હતી. ઘટનાની માહિતી મળતા જ ખલઘાટ સહિત આસપાસના લોકો ઘટના સ્થળે પહોંચી ગયા છે. ઈન્દોર અને ધારથી દ્ગઢ્ઢઈહ્લની ટીમ ઘટના સ્થળે પહોંચી ગઈ છે. આ પુલ જુનો હોવાનું કહેવાઈ રહ્યું છે. બસ મહારાષ્ટ્ર રાજયના ટ્રાન્સપોર્ટ વિભાગની છે. મુખ્યમંત્રી શિવરાજ સિંહે ચૌહાણે પ્રશાસનને બચાવ અને રાહત કાર્ય ઝડપી કરવાનો આદેશ આપ્યો છે.મુખ્યમંત્રીએ મૃતક પરિવારો પ્રત્યે પણ સહાનુભૂતિ વ્યકત કરી છે.વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ દુર્ઘટનાને લઈ ઉંડા શોકની લાગણી વ્યકત કરી છે.

દુર્ઘટના આગ્રા-મુંબઈ હાઈવે પર ઘટી હતી.

આ રોડ ઈન્દોરથી મહારાષ્ટ્રને જોડે છે. ઘટના સ્થળ ઈન્દોરથી ૮૦ કિલોમીટર દૂર છે. જે સંજયુ સેતુ પુલથી બસ પડ, તે બે જિલ્લા-ધાર અને ખરગોનની સીમા પર છે.

પુલનો અડધો હિસ્સો ખાલધાટ(ધાર) અને અડધો હિસ્સો ખલટાકા(ખરગોન)માં છે. ખરગોનથી કલેક્ટર અને એસપી પણ ઘટના સ્થળે પણ પહોંચ્યા હતાં ગૃહમંત્રીએ જણાવ્યું હતું કે ૧૫ લોકોને બચાવવામાં આવ્યા છે જયારે અત્યાર સુધી ૧૩ લોકોના શબ બહાર કાઢવામાં આવ્યા છે.

તેમણે કહ્યું કે બસમાં મુસાફરી કરી રહેલ લોકો પાસેથી મળેલી માહિતી અનુસાર બસમાં ૫૫ જેટલા લોકો સવાર હતાં બાકીના લોકોની શોધખોળ શરૂ કરવામાં આવી છે.તેમણે કહ્યું હતું કે આ ઘટનામાં મૃત્યુ આંક વધે તેવી સંભાવના છે.

ખલધાટ ટોલ નાકેની હાઈવે એમ્બ્યુલન્સના ડ્રાઈવર શ્રીકૃષ્ણ વર્માએ જણાવ્યું કે હું ડ્યુટી પર હતો. સવારે ૧૦.૦૩ વાગ્યે કન્ટ્રોલ રૂમમાંથી કોલ આવ્યો હતો. તેમાં કહેવામાં આવ્યું કે પુલ પરથી એક બસ નર્મદામાં પડી ગઈ છે. માહિતી મળ્યાની ૩ મિનિટની અંદર જ અમે ઘટના સ્થળે પહોંચી ગયા હતા. તાત્કાલિક રેસ્ક્યુ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું.

નદીમાંથી અત્યાર સુધીમાં એક પણ વ્યક્તિ જીવિત કે ઘાયલ કાઢવામાં આવ્યો નથી. બસને નદીમાંથી કાઢી લેવામાં આવી છે.

બસ એમએચ ૪૦ એન ૯૮૪૮ સવારે ૯થી ૯.૧૫ વાગ્યે ખાલધાટથી ૧૨ કિલોમીટર પહેલા દૂધી બાયપાસના કિનારે એક હોટલે રોકાઈ હતી.

હોટલ માલિકે જણાવ્યું કે અહીં ૧૨-૧૫ મુસાફરોએ ચા-નાસ્તો કર્યા હતા. બાકીના લોકો અંદર જ બેઠા હતા. અંદર કેટલા લોકો બેઠા હતા, તેનો ખ્યાલ નથી. જોકે બસમાં ૩૦થી ૩૫ લોકો હતા.

# સંસદ સંવાદનું સક્ષમ માધ્યમ, જ્યાં ખુલ્લા મનથી સંવાદ થવો જોઈએ : વડાપ્રધાન નરેન્દ્ર મોદી

નવીદિલ્હી,તા.૧૮

આજથી સંસદનું ચોમાસુ સત્ર શરૂ થયું છે. સત્રની શરૂઆત પહેલા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સંબોધન કર્યું. પીએમ મોદીએ કહ્યું કે ગૃહની બહાર તો ગરમી છે, ગૃહમાં ગરમી ઓછી હશે કે નહીં તે જોઈશું. તેમણે તમામને સદનની ગરિમા જાળવી રાખવાની અપીલ કરી. પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે આ સત્ર એટલા માટે પણ મહત્વનું છે કારણ કે આજે રાષ્ટ્રપતિની ચૂંટણી થઈ રહી છે. આ ચોમાસુ સત્રમાં નવા રાષ્ટ્રપતિ અને નવા ઉપરાષ્ટ્રપતિનું માર્ગદર્શન મળશે. સદનમાં ખુલ્લા મને ચર્ચા થવી જોઈએ. સદન સંવાદનું એક માધ્યમ છે. જ્યાં જરૂર પડ્યે વાદ વિવાદ પણ થવો જોઈએ. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે અમે હંમેશા સંદનને સંવાદનું સક્ષમ માધ્યમ માનીએ છીએ. જ્યાં ખુલ્લા મનથી સંવાદ થાય, ખુલ્લા મનથી વાદ-વિવાદ થાય. આલોચના પણ થાય અને ઉત્તમ પ્રકારથી વિશેલેષણ થાય જેથી કરીને નીતિઓ અને નિર્ણયમાં ખુબ જ સકારાત્મક યોગદાન થઈ શકે. હું તમામ સાંસદોને ઊંડાણપૂર્વક વિચાર કરવા અને ચર્ચા કરવાનો આગ્રહ કરું છું. પીએમ મોદીએ ક હ્યું કે આ સમસય ખુબ મહત્વપૂર્ણ છે. તે આઝાદીના અમૃત મહોત્સવનો દોર છે. ૧૫ ઓગસ્ટ અને આવનારા ૨૫ વર્ષનું એક વિશેષ મહત્વ છે. જયારે રાષ્ટ્ર સ્વતંત્રતાના ૧૦૦ વર્ષ ઉજવશે તે અમારી યાત્રા નક્કી કરવા માટે સંકલ્પ કરવાનો સમય હશે.પીએમ મોદીએ કહ્યું કે, આ સમય ખૂબ જ મહત્વનો છે. આપણે આઝાદીનો અમૃત મહોત્સવ મનાવી રહ્યા છે. ૧૫ ઓગસ્ટ આવી રહી છે. દેશ માટે આવનારા ૨૫ વર્ષ અતિ મહત્વના છે. જયારે આપણે સ્વતંત્રતાના ૧૦૦ વર્ષ મનાવીશું, ત્યારે આ સમયે નવી ઊંચાઈઓ નક્કી કરવાનો સંકલ્પનો સમય હશે. આપણા દેશની ૨૫ વર્ષની યાત્રા કેવી રહેશે, કેટલી ઊંચાઈ આપણે પ્રાપ્ત કરીશું, તેવી રીતે ચાલશે, આ સંકલ્પ લેવાનો સમય છે.

પીએમ મોદીએ સંસદ ભવનમાં પહોંચીને કહ્યું કે, દેશની નવી ઊર્જાનું માધ્યમ સાંસદ બને, સૌના પ્રયાસથી લોકતંત્ર ચાલે છે. તેમણે કહ્યું કે, આ ચોમાસુ સત્ર એટલા માટે પણ ખાસ છે કે કારણે રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિ પદ માટે ચૂંટણી થઈ રહી છે. પીએમ મોદીએ કટાક્ષ કરતા કહ્યું કે, બહાર તો બહુ ગરમી છે, પણ ખબર નહીં અંદર શું થશે ?પીએમ મોદીએ કહ્યું કે, આ સત્ર ખૂબ જ મહત્વનું છે અને તે એટલા માટે મહત્વનું છે કે, કારણ કે, હાલમાં રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિ પદની ચૂંટણી પણ યોજાઈ રહી છે.

# તુર્કી સહિત ઘણા મુસ્લિમ દેશોમાંથી પીએફઆઈને ફંડ આપવામાં આવ્યું હતું

પટણા,તા.૧૮

ફુલવારી શરીફ ટેરર મોડ્યુલ કેસમાં એક નવો ખુલાસો થયો છે. તપાસમાં એ વાત સામે આવી છે કે તુર્કી સહિત ઘણા મુસ્લિમ દેશોમાંથી પીએફઆઈને ફંડ આપવામાં આવ્યું હતું. અભણ, બેરોજગાર યુવાનો અને અન્ય રાજયોમાંથી ટ્રેનરો આવતા તેમનું બ્રેઈનવોશ કરીને આતંકવાદી તાલીમ આપવામાં આવતી હતી. પીએફઆઈની આડમાં દેશવિરોધી પ્રવૃત્તિઓ ચાલી રહી હતી. આ કેસમાં અત્યાર સુધીમાં ૫ ધરપકડ કરવામાં આવી છે. પકડાયેલા શંકાસ્પદ આતંકવાદીઓની સમગ્ર કુંડળીની તપાસ કરવામાં આવી રહી છે. તેમના નાણાકીય જોડાણોની પણ તપાસ કરવામાં આવી રહી છે.

૨૦૪૭ સુધીમાં ભારતને મુસ્લિમ રાષ્ટ્ર બનાવવાના કાવતરાનું આ મોડ્યુલ આર્થિક શક્તિ પર કેન્દ્રિત છે. ધરપકડ કરાયેલા શંકાસ્પદ આતંકવાદીઓ તેમજ તેમના પરિવારજનોના બેંક ખાતાની તપાસ કરવામાં આવી રહી છે. શંકાસ્પદ આતંકવાદીઓના નેટવર્કને શોધવા માટે અન્ય રાજ્યોની છ્જીની પણ મદદ લેવામાં આવશે. તપાસમાં સામે આવ્યું છે કે ફુલવારી શરીફ કેસના તાર અન્ય રાજ્યો સાથે પણ જોડાયેલા છે. ધરપકડ કરાયેલા અતહર પરવેઝ અને અરમાન મલિક રિમાન્ડ પર છે.ઉલ્લેખનીય છે કે, બિહારની રાજધાની પટનામાં પોલીસે દેશ વિરોધી ગતિવિધિઓનો પર્દાફાશ કર્યો હતો. અહીં ફુલવારી શરીફમાં પોપ્યુલર ફ્રન્ટ ઓફ ઈન્ડિયા અને સોશિયલ ડેમોક્રેટિક પાર્ટી ઓફ ઈન્ડિયાની આડમાં આતંકી ફેક્ટરી ચાલી રહી હતી. અહીં લોકોને હથિયારોનો ઉપયોગ કરવાની અને ધાર્મિક ઉન્માદ ફેલાવવાની તાલીમ આપવામાં આવી હતી. પટના પોલીસે ફુલવારી શરીફના નયા ટોલા સ્થિત પીએફઆઈની ઓફિસમાંથી બે શકમંદોની ધરપકડ કરી છે.

# આર્થિક કટોકટી અને રાજદ્વારી અસ્થિર પરિસ્થિતિમાં વડાપ્રધાનના પુત્રની કૌભાંડમાં સંડોવણી

ઈસ્લામાબાદ,તા.૧૮

ભારે આર્થિક કટોકટીમાં ઘેરાયેલા પાકિસ્તાનના ૫ વડાપ્રધાન સાહબાજ શરીફના યુવાન ઉદ્યોગપતિ પુત્ર સુલેમાનને મની લોન્ડરિંગ કેસમાં ભાગેડુ જાહેર કરતા પાકિસ્તાનના વધુ એક રાજ દ્વારી પરિવારની કથિત ભ્રષ્ટાચારમાં ની પોલ ખુલતા દેશમાં ભારે ચકચાર જાગી છે ઈન્ટરનેશનલ મોનિટરિ ફંડ માં ૭ બીલીયન ડોલર ની સહાય અને દેશમાં આર્થિક કટોકટી પ્રવત્તિ રહી છે ત્યાં જ વડાપ્રધાનના યુવાન પુત્ર સુલેમાન સેહબાદ અને તેના સાગરીતોને મની લોન્ડરિંગ કેસમાં કોર્ટ સમક્ષ રજૂ થવાના આદેશોની અવમાનના બદલ ભાગેલું જાહેર કરવામાં આવ્યા છે.સુલેમાન અને



તેના સાથીદાર નકવી સામે ૨૮ મે એ તપાસની સંસ્થાઓએ કરેલી ફરિયાદોના આધારે વોરંટ ઈસ્યુ કરવામાં આવ્યું હતું તે પહેલા સુલેમાન અને નકવી વિદેશ ભાગી ગયા હોવાનું બહાર આવતા કોર્ટમાં સેહબાજ ફેમિલીના ૨૮ જેટલા બેનામી ખાતાઓની તપાસ અને મની લોન્ડરિંગ કેસ માં સમયસર અદાલત સમક્ષ રજુ ન થતા અંતે તેને ભાગેડુ જાહેર કરવામાં આવ્યું છે આંતરરાષ્ટ્રીય જાતિ અસંતુલિત સ્થિતિમાં પાકિસ્તાન અત્યારે ૧૪૬ માંથી ૧૪૫ મો નંબરે પહોંચી ગયો છે.

વર્લ્ડ ઈકોનોમિક ફોર્મ માં પ્રસારિત અહેવાલમાં પાકિસ્તાનની હાલત અત્યારે વિશ્વના ટોચના આર્થિક કટોકટી નો સામનો કરનારા દેશમાં હોય સાથે સાથે લિંગ જાતી અસંતુલનમાં ટોચના પાંચ દેશોમાં આઈસલેન્ડ ફીનલેન્ડ નોર્વે ન્યૂઝીલેન્ડ અને સાથે સાથે અફઘાનિસ્તાન પાકિસ્તાન ડેમોક્રેટિક રિપબ્લિક ઓફ કોંગો ઈરાન અને અન્ય દેશોનો સમાવેશ થાય છે.

પાકિસ્તાને કેટલાક આંતરરાષ્ટ્રીય માપદંડો સાથેના અભિયાન માટે અને ખાસ કરીને જાતે સંતુલન ગરીબી અને આર્થિક મદદ માટે ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ પાસેથી ૭ બિલિયન ડોલરની લોનની માંગણી કરી છે પાકિસ્તાનમાં અત્યારે આર્થિક પડકારો પર્યાવરણની સમસ્યા અને સ્થાનિક માંગ અને પુરવઠાની અસંતુલિત પરિસ્થિતિ વિકટ સ્તરે પહોંચી ગઈ છે પંજાબ પ્રાંતમાં ૨૦ વિધાનસભાની બેઠકોની ચૂંટણી સહિતની રાજદ્વારી ગતિવિધિઓ ચાલી રહી છે ત્યારે વડાપ્રધાન શાબાઝ શરીફના પુત્ર ને ભાગેડુ જાહેર કરવામાં આવતા રાજકારણમાં ભારે ચકચાર જાગી છે ઈમરાન ખાને શનિવારે જણાવ્યું હતું કે દેશમાં લોકતંત્ર અને સૈન્ય વચ્ચે મૈત્રી પૂર્ણ સંતુલન ની જરૂર છે પાક વડાપ્રધાનના નાપાક પુત્ર સુલેમાનને અંતે ભાગેલું જાહેર કરવામાં આવ્યું છે.

## તંત્રી સ્થાનેથી...

# બ્રિટનના નવા વડાપ્રધાનની રેસમાં ભારતીય મૂળના ઋષિ સુનક મોખરે

*બ્રિટનના નવા વડા પ્રધાનને ચૂંટવાની પ્રક્રિયા કન્ઝર્વેટીવ સાંસદોએ પાર્ટીના નેતા સાથે શરૂ કરી છે. ટોરી સાંસદોના બીજા મતદાન બાદ પાંચ ઉમેદવાર વડા પ્રધાન પદની રેસમાં આગળ આવ્યા છે. બોરિસ જોન્સન કેબિનેટમાં નાણામંત્રી રહી ચૂકેલા ઋષિ સુનક બીજા તબક્કાના મતદાનમાં પણ ૧૦૧ વોટથી સૌથી આગળ ચાલી રહ્યા છે. પહેલા તબક્કાના મતદાનમાં તેમને ૮૮ મત મળ્યા હતા. અન્ય દાવેદાર પૈકી પેની મોર્ડેંટ, લિઝ ટ્રસ અને કેમી બડેનોચને પણ મતદાનમાં વધારે મત મળ્યા હતા. લિઝ ટ્રસને પણ પાર્ટીના સભ્યોનું સારું સમર્થન મળેલું છે. જ્યારે ટૉમ ટુગેંડહટને પાંચ મતનું નુકસાન થયું છે. ૩૦થી ઓછા મત મેળવનાર ઉમેદવાર રેસમાંથી બહાર થઈ જાય છે. પહેલી વોટિંગમાં જીતનારા ઉમેદવાર બીજી વોટિંગમાં ભાગ લે છે. તેમાં જે ઉમેદવારને સૌથી ઓછા મત મળે છે તો તે બહાર થઈ જાય છે. ત્યારબાદ ઘણા તબક્કામાં મતદાન થાય છે. ટોરી સાંસદોના મતદાન ત્યાં સુધી ચાલુ રહેશે જ્યાં સુધી માત્ર બે ઉમેદવાર રેસમાં ન રહી જાય. ઋષિ સુનક પહેલા નંબર પર છે. તેઓ ભારતના જાણીતા ઉદ્યોગપતિ અને ઈન્ફોસિસ કંપનીના સંસ્થાપક એનઆર નારાયણ મૂર્તિના જમાઈ છે. તેમણે અક્ષતા મૂર્તિ સાથે વર્ષ ૨૦૦૯માં લગ્ન કર્યા હતા. તેમણે સ્ટેનફૉર્ડ વિશ્વવિદ્યાલયમાંથી એમબીએનું શિક્ષણ મેળવ્યું છે. રાજકારણમાં પ્રવેશ લેતા પહેલાં તેમણે ઈન્વેસ્ટમૅન્ટ બૅંક ગોલ્ડમૅન સૈક્સમાં પણ કામ કર્યું છે અને એક રોકાણ કંપનીછપણ સ્થાપિત કરી છે. ઋષિ અને અક્ષતાની બે દીકરીઓ છે. તેમના પરિવારજનો ઈંગ્લેન્ડ આવ્યા હતા, તેમના પરિવારજનો અહીં જન્મ્યા ન હતા અને તેઓ આ દેશમાં પોતાનું જીવન બનાવવા આવ્યા હતા. તેઓ નૉર્ધલર્ટન શહેરની બહાર કર્બી સિગ્સ્ટનમાં રહે છે. તેમના પિતા ડૉક્ટર અને માતા ફાર્માસિસ્ટ હતાં. ભારતીય મૂળના તેમના પરિજનો પૂર્વ આફ્રિકાથી બ્રિટન આવ્યા હતા. ૨૦૧૫થી સુનક યૉર્કશાયરના રિચમંડથી કન્ઝર્વેટીવ સાંસદ તરીકે ચૂંટાયા હતા. ઋષિ સુનક, બોરિસ જોન્સન કેબિનેટમાં નાણામંત્રી હતા. તેમણે વડા પ્રધાન બન્યા બાદ દેશની અર્થવ્યવસ્થાને મજબૂત કરવાનો વાયદો કર્યો છે. સુનકે યુરોપિયન યુનિયન મામલે થયેલા જનમત સંગ્રહમાં તેને છોડવા મુદ્દે પક્ષમાં પ્રચાર કર્યો અને તેમના સંસદીય ક્ષેત્રમાં યુરોપિયન યુનિયનને છોડવાના પક્ષમાં ૫૫ ટકા લોકોએ મતદાન કર્યું હતું. જુલાઈ ૨૦૧૯માં જોન્સને સુનકને નાણામંત્રાલય સોંપ્યુ હતું. આ પહેલાં તેઓ જાન્યુઆરી ૨૦૧૮થી જુલાઈ ૨૦૧૯ સુધી આવાસ, સમુદાય અને સ્થાનિક સરકાર મંત્રાલયમાં સંસદીય સચિવ હતા. ઋષિ સુનક કહી ચૂક્યા છે કે તેમની એશિયાઈ ઓળખ તેમની માટે મહત્ત્વની છે. તેમની પત્નીનાં ટૅક્સ મામલે વિવાદ અને લૉકડાઉન નિયમોના ઉલ્લંઘન માટે દંડ ફટકારાયા બાદ તેમની પ્રતિષ્ઠાને આંચકો પહોંચ્યો હતો. ઋષિ સુનક, બોરિસ જોન્સનની કેબિનેટ છોડનારા સૌથી પહેલા કેબિનેટ મંત્રીઓમાંથી એક હતા. સૌથી વધારે અનુભવ ધરાવતા સાંસદ અને કેબિનેટ મંત્રી પણ રહી ચૂક્યા છે તેવા ટોમ ટુગેંડહટ, ઋષિ સુનકની સરખામણીએ સરકારમાં વધારે સમય વિતાવ્યો છે પરંતુ તેઓ લાંબા સમય સુધી કેબિનેટમાં રહ્યા નથી. ટોમ ટુગેંડહટે વડા પ્રધાન બનવા પર રાષ્ટ્રીય વીમા અને ઈંધણના ભાવમાં કાપ મૂકવા તેમજ દક્ષિણ પૂર્વની બહાર રોકાણ વધારવાનો વાયદો કર્યો છે.*

# વિધાનસભાની પેટા ચૂંટણીમાં ઈમરાન ખાનની પાર્ટીની ધમાકેદાર વાપસી

ઈસ્લામાબાદ,તા.૧૮

પાકિસ્તાનના ભૂતપૂર્વ વડા પ્રધાન ઈમરાન ખાનની પાર્ટી પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફ (પીટીઆઇ)એ પંજાબની વિધાનસભા પેટાચૂંટણીમાં ક્લીન સ્વીપ કરીને વર્તમાન વડા પ્રધાન શાહબાઝ શરીફને આંચકો આપ્યો છે. ઈમરાન ખાનની પીટીઆઈ અને વડાપ્રધાન શાહબાઝ શરીફની પાર્ટી પાકિસ્તાન મુસ્લિમ લીગ-નવાઝ વચ્ચે એપ્રિલમાં તેમની હકાલપટ્ટી બાદ આ પ્રથમ મોટી ચૂંટણી સ્પર્ધા હતી. શાહબાઝના પુત્ર મુખ્યમંત્રી હમઝા શાહબાઝ પોતાનું પદ ગુમાવવાના છે.

મુખ્યમંત્રી પદ માટેની ચૂંટણી સુપ્રીમ કોર્ટના આદેશ પર ૨૨ જુલાઈએ યોજાશે અને પીટીઆઇ પીએમએલક્યુના સંયુક્ત ઉમેદવાર ચૌધરી પરવેઝ ઈલાહી રાજકીય રીતે મહત્ત્વના પંજાબ પ્રાંતના નવા મુખ્ય પ્રધાન બને તેવી શક્યતા છે. અત્યાર સુધીના બિનસત્તાવાર પરિણામો અનુસાર, ખાનની પાર્ટી પીટીઆઈએ ૧૬ બેઠકો જીતી છે, જ્યારે પાકિસ્તાન મુસ્લિમ લીગ-નવાઝને માત્ર ત્રણ બેઠકો મળી છે. એક અપક્ષ ઉમેદવાર પણ જીત્યો છે.

વડાપ્રધાનના પ્રવક્તા મલિક અહમદ ખાને કહ્યું કે, અમે લોકોના આદેશનું સન્માન કરીએ છીએ. હવે અમે પીટીઆઇ પીએમએલક્યુને પંજાબમાં સરકાર બનાવવા માટે કહીએ છીએ. વડાપ્રધાન શાહબાઝ વહેલી સામાન્ય ચૂંટણીઓ કરાવવા માટે નેશનલ એસેમ્બલીનું વિસર્જન કરશે કે કેમ તે અંગે પૂછવામાં આવતા તેમણે કહ્યું હતું કે, પીએમએલ એન નેતૃત્વ તેના સાથી પક્ષો સાથે ચર્ચા કરીને આ અંગે નિર્ણય લેશે.પીએમએલ-એનના ઉપાધ્યક્ષ મરિયમ નવાઝે પણ પોતાની પાર્ટીની હાર સ્વીકારી લીધી છે.

# સર્વ મુમુક્ષુને માર્ગદર્શન આપતો અદભૂત ગ્રંથ સંપૂર્ણ અવતાર વાણી-૧

સર્વ મુમુક્ષુને માર્ગદર્શન આપતો અદભૂત ગ્રંથ સંપૂર્ણ અવતાર વાણી-૧

સંત નિરંકારી મિશન એક આધ્યાત્મિક વિચારધારા છે.એક પ્રભુ પરમાત્માની ભક્તિ કરતાં કરતાં સદાચારી લૌકીક જીવન જીવવાની પધ્ધતિ છે.આ મિશન વિશ્વભરમાં સત્ય,અહિંસા,આધ્યાત્મિક જાગરૂકતા અને પરમ પિતા પરરમાત્માની જાણકારીના દ્વારા વિશ્વબંધુત્વની સ્થાપનાનો પ્રચાર કરી રહ્યું છે.અલગ-અલગ જાતિઓ,સંપ્રદાયો તથા ધર્મોથી સબંધિત લોકો અહીં એક પરીવારની જેમ રહે છે,તે આધ્યાત્મિક સિધ્ધોતોની એ મૌલિકતાને માને છે કે આ દૃશ્યમાન જગતને બનાવનાર,ચલાવનાર અને વિનાશ કરનાર બ્રહ્મ નિરાકાર છે.એક પ્રભુ પરમાત્મા જ એકમાંથી અનેક બનીને સમગ્ર સૃષ્ટિને ચલાવી રહ્યા છે.તેમની માન્યતા છે કે પરબ્રહ્મ પરમાત્મા નિરાકાર અને જાણવા યોગ્ય છે.બ્રહ્મવેત્તાની કૃપાથી તેને માનવ શરીરમાં રહીને જાણી શકાય છે કેમકે બ્રહ્માનુભૂતિ જ મનુષ્ય યોનિની સાર્થકતા છે.પરબહ્મનું જ્ઞાન પ્રદાન કરનાર વિભૂતિને આ મિશન સદગુરૂ કહે છે.

પરબ્રહ્મ પરમાત્મા સૃષ્ટિ ના કણ કણમાં વ્યાપ્ત હોવા છતાં સંપૂર્ણ દ્રશ્યમાન જગતથી ન્યારા છે. તમામ દૃશ્યમાન સૃષ્ટિ માયા છે જે પરીવર્તનશીલ છે,સમાપ્ત થનાર છે. આ પાંચ ભૌતિક સૃષ્ટિના સમાપ્ત થતાં પણ જેનો નાશ થતો નથી તે નિર્ગુણ નિરાકાર પરબ્રહ્મ પરમાત્મા છે.પરમાત્મા નિરાકાર હોવા છતાં અનુભુતિગમ્ય છે,જાણવા યોગ્ય છે.

પરમાત્માની જાણકારી ક્ષૌત્રિય બ્રહ્મનિષ્ઠ બ્રહ્મવેત્તા મહાત્માની કૃપાથી જ સંભવ છે કે સ્વંયમ્ જે પરમાત્માને જાણતા હોય,શરીરધારી સદગુરૂની કૃપા વિના બ્રહ્માનુભૂતિ સંભવ નથી.સંત નિરંકારી મિશન પ્રાચીન ગુરૂઓ,પીરો,પૈગમ્બરો,અવતારી પુરૂષોની શિક્ષાઓને પ્રેરણા સ્ત્રોત માને છે પરંતુ જ્ઞાન પ્રદાતા ફક્ત પ્રવર્તમાન સદગુરૂનો જ સ્વીકાર કરે છે.સદગુરૂ વસ્તુતઃ નિર્ગુણ બ્રહ્મની જ સગુણ સત્તા છે,જે એક શરીરના માધ્યમથી કાર્ય કરે છે.આદિકાળથી સદગુરૂ આ ધરતી ઉપર અવતરીત થાય છે અને બ્રહ્મજ્ઞાનના માધ્યમથી માનવમાત્રનો ઉધ્ધાર કરે છે.

સદગુરૂના માધ્યમથી પરમાત્માનું જ્ઞાન પ્રાપ્ત કર્યા બાદ જ ભક્તિની શરૂઆત થાય છે.બ્રહ્મજ્ઞાન ભક્તિનું સાધ્ય નહી પરંતુ સાધન છે.ભગવાનને જાણ્યા પછી જ આપણામાં દૈવી ગુણોનો પ્રવેશ થાય છે. પ્રાણીમાત્રમાં સર્વવ્યાપી પરમાત્માનો અનુભવ કર્યા પછી જ દ્વેતની ભાવના દૂર થાય છે,પોતાપણાનો ભાવ જાગે છે,પ્રેમ ઉત્પન્ન થાય છે,તમામની સેવા કરવાની પ્રેરણા મળે છે.સર્વ શક્તિમાન પરમાત્માને અંગસંગ જાણ્યા બાદ જ અહમ્ ભાવ દૂર થાય છે,દાસ ભાવનાનો જન્મ થાય છે,નમ્રતા જીવનનું અંગ બને છે.કર્તાની જાણકારી પછી જ સંતુષ્ટિનો ભાવ આવે છે.

સંત નિરંકારી મિશનના આધ સ્થાપક યુગ પુરૂષ ગુરૂદેવ બાબા અવતારસિંહજી મહારાજે પોતે પ્રગટ કરેલી ૩૬૪ પદોની સંપૂર્ણ અવતારવાણી એ જ્ઞાન,કર્મ અને ભક્તિની વિવેચના કરવાવાળો એક આધ્યાત્મિક ગ્રંથ છે.સદગુરૂના નમ્ર સેવક તરીકે ગુરૂવચનામૃત રૂપી સંપૂર્ણ અવતારવાણીનો અભ્યાસ કરી આ પવિત્ર ગ્રંથમાંના કેટલાક પદોમાંથી સીધી સરળ પરંતુ આધ્યાત્મિક વાતો લખવાનો નમ્ર પ્રયાસ કર્યો છે.

પ્રભુ અરૂપ અરંગ અને રેખાહીન છે.ઈન્દ્રિયાતિત,મન અને બુધ્ધિથી પર અગોચર છે.અથાહ અને અનંત છે.સમ્રાટોના પણ સમ્રાટ છે.આદિકાળથી અનાદિ અને સર્વવ્યાપી છે.પ્રત્યેક યુગમાં પાપીઓનો ઉધ્ધાર કરનાર પતિત પાવન અને સર્વ અંન્તર્યામી છે.તમામ જીવજંતુઓના પાલનકર્તા પ્રાણાધાર છે.આપણા રક્ષક અને આધાર છે,તેમને તન,મન,ધન સમર્પિત કરી દિવસ રાત તેમના જ ગુણગાન ગાવાના છે.આવા બ્રહ્મને જાણીને વ્યક્તિ બ્રહ્મમય બની જાય છે.સદગુરૂ કૃપાથી બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત થયા પછી જ્યારે કણ કણમાં એટલે કે સાકાર જગતમાં પ્રભુ દર્શન થવા લાગે છે ત્યારે તે વિજ્ઞાન કહેવાય છે અને ત્યારબાદ ભક્ત પ્રાર્થના કરે છે કે હે ! નિરાકાર વિશ્વરૂપ પ્રભુ ! કણ કણમાં તારી સૂરત,પાન પાન ઉપર તારૂં નામ અને વિશ્વમાં ચારો તરફ ઉપર નીચે સર્વત્ર તમારી જ આકૃતિઓ જોઇ રહ્યો છું.ચંદનમાં સુગંધ,ગંગામાં નિર્મળતા,સૂરજમાં તેજ અને ચંદ્રમામાં શિતળતા તું જ છે, તું જ ફુલોમાં સૌંદર્ય છે,કળીઓમાં કોમળતા છે,બુધ્ધિમાનોની બુધ્ધિ છે તથા વિશ્વની તમામ કલા કૌશલતામાં તું વિરાજમાન છે,તું જ બ્રહ્મરૂપ ગુરૂના રૂપમાં મુજ શિષ્યિને જ્ઞાન, ભાષા અને સંતત્વ પ્રદાન કરે છે.

જેને સત્ય બ્રહ્મની પ્રાપ્તિ કરી એવા સંતોની સાથે દુર્જનો સહજ સ્વાભાવિક યુગોથી વૈર કરતા આવ્યા છે.સંસારના લોકોના કાર્યો આશ્ર્ચર્યજનક છે કેમકે તે અવતારો,પીરોનો તેમના જીવનકાળ દરમ્યાન સન્માન કરતા નથી પરંતુ તેમના દેહાંત બાદ તેમની પૂજા કરે છે.વર્તમાન સમયમાં પણ મુર્ખ લોકો પોતાની જીદના કારણે વર્તમાન સમયના સંતોના જીવનમાંથી કંઇ જ ન શીખતાં કુમાર્ગ ઉપર ચાલી રહ્યા છે.સંતો પાસેથી બ્રહ્માનુભૂતિનો લાભ ઉઠાવવાના બદલે તેમની સાથે વેર કરી રહ્યા છે.સંતો ક્યારેય દુર્જનોની સાથે વૈરભાવ રાખતા નથી તે તો તેમને પોતાનું જ સ્વરૂપ માનીને પ્રેમપૂર્વક વ્યવહાર કરે છે.

જેમ પરેજી પાડ્યા વિના દવાનો પુરો પ્રભાવ પડતો નથી તેવી જ રીતે જ્ઞાનને જ્યાં સુધી આચરણમાં લાવવામાં ના આવે ત્યાં સુધી જીવનમાં કોઇ લાભ થતો નથી.જીજ્ઞાસુઓમાં શ્રધ્ધા,વિશ્વાસ અને અહંકાર શૂન્યતા અવશ્ય હોવી જોઇએ.બ્રહ્મજ્ઞાનના માટે ગુરૂકૃપા અને શિષ્યની વૈરાગ્ય ભાવના બંન્ને અનિવાર્ય છે.સત્કાર વિના સંતકૃપા મળતી નથી,સંતકૃપા વિના સદગુરૂની પ્રાપ્તિ થતી નથી, સદગુરૂમાં શ્રધ્ધા અને વિશ્વાસ વિના જ્ઞાન પ્રાપ્ત થતું નથી,જ્ઞાન વિના મન સ્થિર થતું નથી અને સદગુરૂના વચનોનું દ્રઢતાથી પાલન કર્યા વિના મનમાં તત્વજ્ઞાન ટકતું નથી.

માનવશરીર પ્રભુ દ્વારા માનવને આપવામાં આવેલ સર્વશ્રેષ્ઠ ઉપહાર છે.આ દેહને પ્રભુની અમાનત અને પારકો માલ સમજીને તેનો ઉપભોગ કરવો જોઇએ.તન,મન અને ધનમાં પોતાપણાનો ત્યાગ નિશ્ચિંતરૂપથી અહંકાર ઓછો કરી વિનમ્રતામાં વૃધ્ધિ કરે છે,જેનાથી જિજ્ઞાસુ બ્રહ્મજ્ઞાનનો અધિકારી બને છે. જગતમાં જે કંઇ છે તે સર્વ પ્રભુ પરમાત્માનું જ છે એટલે તેમની આજ્ઞાથી તેનો ઉપભોગ કરવો અને કોઇના પણ ધન ઉપર લલચાવવું નહી.મોહના કારણે જ સંસાર સત્ય લાગે છે અને નિરાકાર બ્રહ્મનો અનુભવ થતો નથી.સેવા,સુમિરણ,સત્સંગમાં સૌથી મોટું વિઘ્ન તન-મન-ધનનું મિથ્યા આકર્ષણ છે.તન-મન-ધનનું અભિમાન ના રહે તો ભક્ત સરળ ભાવથી ભક્તિ પથ ઉપર આગળ વધે છે.બાળ સુલભ સરળતા ભક્તિની વાસ્તવિક શક્તિ છે.

તમામ જીવ નર અને માદા જ્યારે એક જ જ્યોત્તિથી બનેલા છે અને એક જ તેમના નિર્માતા છે, શરીર પણ જો બધાનાં એક સરખાં હોય તો પછી વિભિન્ન જાતિ-પાંતિના ભેદ અને બ્રાહ્મણ-ક્ષત્રિય-વૈશ્ય-શુદ્ર જેવા ચાર વર્ણ તથા લોકાચાર..વગેરેના વિવાદ કેમ? તમામ જાતિઓની જેમ તમામ તથાકથિત ધર્મ અને સંપ્રદાય પણ જ્યારે એક જ પ્રભુના સંતાન છે તેથી તેમને માનવ સમજીને સમાન રૂપથી પ્રેમ કરવો જોઇએ.ક્યારેય જાતિ-પાંતિ-વર્ણ..વગેરેના આધારે કોઇને નાના-મોટા ન માનવા.કોઇ નાનું નથી કે કોઇ મોટું નથી.તમામ એક જ ઈશ્વરના સંતાન છે,ભાઇ-ભાઇ છે માટે સાથે મળીને સફળતાના માટે આગળ વધીએ.

દેશકાળ બદલાતાં ધરતી ઉપર અલગ-અલગ ઋતુઓનું પરિવર્તન જોવા મળે છે એટલે અન્ય કોઇ બીજાના ખાન-પાન અને કપડાઓની આલોચના ન કરવી કારણ કે ખાવું-પીવું અને વસ્ત્ર પહેરવા દેહના ધર્મ છે,તેનાથી નિર્લિપ્ત આત્માનો કોઇ સબંધ નથી.તમોને જે રૂચિકર લાગે છે તે વિવેક અને ધર્મને માધ્યમમાં રાખી ખાવો-પીવો-પહેરો પરંતુ બીજાઓની આલોચના કરીને ખોટો વાદ-વિવાદ ઉભો ન કરવો. હરિ મિલન રૂપી મુક્તિ તો અહંકારનો ત્યાગ કરવાથી જ મળે છે.

હે માનવ ! પરમાત્માનું જ્ઞાન અને ભક્તિ પ્રાપ્ત કરવા માટે પોતાનું ઘર છોડવાની, દર દર ફરી ભિક્ષા માંગવાની..ગૃહસ્થનો પરીત્યાગ કરવાની અને ભગવા વસ્ત્ર ધારણ કરવાની આવશ્યકતા નથી. ગૃહસ્થનો ત્યાગ કરી બનાવટી સાધુનો વેશ ક્યારેય ધારણ કરવો નહી.તમામના નિર્માતા જ્યોત્તિ સ્વરૂપ પરમેશ્વરની સૃષ્ટ્રિમાં તમામ મનુષ્યએ પોતપોતાના કર્તવ્ય કર્મ, ત્યાગભાવથી કરેલા કર્મોથી માનવ લિપ્?ત બનતો નથી.ભગવાનની ભક્તિમાં ગૃહસ્થાશ્રમ નહી,પરંતુ આસક્તિ જ બાધક છે.

વિનોદભાઇ માછી નિરંકારી

નવીવાડી,તા.શહેરા,

જી.પંચમહાલ

૯૭૨૬૧૬૬૦૭૫(મો)

# આને કબુતરબાજી કહેવાય?

મહાલક્ષ્મી મંદિરના ચોગાન કે કોઇ મેદાનમાં ચણ નાંખો અને કબુતરા ગુટરગુ ગુટરગુ કરતાં, પાંખો ફફડાવતાં થોડું ઊડી પાછા ચણે તેવો માહોલ હશે એવી મારી નિર્દોષ અને નમણી કલ્પના હતી.

ઓફિસમાં ટેબલ પર , ખુરશી પર છાજલી પર, કબાટ પર, બારી પર બધે કબુતરા હશે! કંપનીનો માલિક લખનૌના નવાબની માફક જરકસી જામા પહેરીને નવાબી ઠાઠમાઠમાં હશે. તેના કોણીથી ઝુકાવેલા હાથની હથેળીમાં સફેદ રંગનું કબુતર હશે. એકાદું કબુતર લાફા પર બેસીને ચરકપાત કરતું હશે!! કબુતરબાજી માટે તો આવી જ કલ્પના બંધ બેસે!!

મેં વિઝિટિંગ કાર્ડ સિકયોરિટીને દેખાડીને કહ્યું ," આ કંપનીમાં જવું છે. આ કેરની કેટલામા માળે છે?"

"સર, સાતમા માળે સી વિંગમાં ૧૧૬ નંબરની શોપ છે." વોચમેને ગાઇડન્સ આપ્યું.

હુ લિફટમાં સાતમા માળે સી વિંગમાં પહોંચ્યો. ૧૧૬ નંબરની શોપમાં જઇ રિસેપ્શનિસ્ટ પાસે ગયો.

"એકસકયુઝ, મી.આ કાર્ડમાં નામ છાપેલ છે તે ભાઇ અહીંયા કામ કરે છે??" મેં રિસેપ્શનિસ્ટને પૂછયું.

"સર. એ અમારી કંપનીના માલિક છે." પેલી ફટાકડીએ જવાબ આપ્યો.

" તમારા સરને મળવું છે"અમે પેલા ફેશન બોમ્બને કહ્યું. આજકાલ ધંધા કરનારા રિસેપ્શન્સ્ટ કે પર્સનલ સેક્રેટરી તરીકે ફેશનબોમ્બને નોકરીએ રાખતા હોય છે. અર્ધો બિઝનેસ તેમના લીધે આવતો હોય છે. મણિબેન ટાઇપ હોય તો બિઝનેસની દશા ટાઈટેનિક જેવી થાય!!

" કબુતરબાજ માટે?" પેલી કેટરીના કેફે પૂછયું.

"હા .મેડમ" મહિલા કર્મચારી જુઓ કે તમારા મુખમાંથી બેન કે સિસ્ટરને બદલે મેડમ શબ્દ જ નીકળે છે. જેને લોકો શિવલરી કહે છે!!!તેણે તેના માલિકની કેબિન દેખાડી. ઈન્ટરકોમ પર ફૂલફૂસાતા અવાજે સ્કેપગોટ મોકલું છું , ડિયર " તેમ કહ્યું. સામેના છેડેથી" સેન્ડ હીમ હની!" રહેવાયું હશે તેવી મેં કલ્પના કરી. કોર્પોરેટ કલ્ચરમાં આવું બધું સહજ છે!!મેં ડોર પર નોક કર્યું.

"કમ ઈન, પ્લીઝ"અંદરથીમધમાં ઝબકોળ્યો હોય તેવા મીઠા અવાજથી રહેવાયું.હું અંદર ગયો.

"બોલો, કેમ આવવું થયું? વોટ કેન આઇ ડુ ફોર યુ?" ટેબલ પર વીઝેશ ઝા એવીનેઈમ પ્લેટ હતી.

"વેરી રેર એન્ડ યુનિક નેઇમ " મેં કહ્યું!

"થેંકસ બડી"પ્રોફેશનલ રિસ્પોન્સ.

"તમે આવું કરો છો?"મેં ગુજરાતી અખબારનું પ્રેસ કટિંગ દેખાડીને પૂછયું.

" હોંવવે. કબુકરબોજી તો અમારે ડોબૌ હોથનો ખેઅલ સીં" માલિક મૂળ મહોણી થઇ જ્યો.

" કબુતર તો કયાં દેખાય છે?" મેં પૂછયું.

" કબુતર, મારી સામે છે." પેલો બોલ્યો

"કોણ?"મેં ભોળા ભાવે પૂછયું!

" અરે ,તમે! બીજું કોણ?" એ બોલ્યો.

"હું તમને કયાં એંગલથી કબુતર લાગું છું?"મેં અસમંજસથી પૂછયું.

કેમ તમારે ગેરકાયદેસર અમેરિકા, દુબઇ, ઈંગલેંન્ડ કેનેડામાં નોકરી કરવા જવું નથી?" તેણે કન્ફયુઝનમાં આંગળીનો નખ કરડતા પૂછયું.

" ગેરકાયદેસર જઇ શકાય? કેવી રીતે કેટલો ખર્ચ થાય?"મેં એકસામટા સવાલો પૂછ્યા.

" અમેરિકામાં જવા માટે મેકસિકા કે કેનેડાની સરહદ માઈનસ ડીગ્રીમાં કલાકો-દિવસો ચાલવું પડે. અમેરિકન મિલિટરી ગોળીએ વીંધી નાંખે. ઠંડીમાં માણસ મરી જાય. અમેરિકા ડીપોટ કરીને ભારત મોકલી દે. અહીંયા કાયદા મુજબ કાર્યવાહી થાય.

સ્થાનિક ક્રિકેટ ટીમના ખેલાડી બની વિઝિટર વિઝા પર વિદેશ ગયા પછી ત્યાં ગેરકાયદેસર રહી જવાનું.

કોઇ ડાન્સ ટીમ કે નાટક ગ્રુપમાં કલાના પરફોર્મન્સ માટે વિદેશ જઇ ત્યાં છૂમંતર થઇ જવાનું. આમાં સામેવાળાની ગરજ જોઈ લાખો કે કરોડો લઇ લેવા એટલે કબુતરબાજી." પેલાએ વટાણા વેરી દીધા!!

લો કર લો બાત ! આને થોડી કબુતરબાજી કહેવાય? આ તો ગીધબાજી કહેવાય!!બરાબર કે નહીં???

ભરત વૈષ્ણવ

૧૫.૭.૨૦૨૨.

# નિવૃતિકંપ!!!

**હાથમાં કાગળ લીધો,**
**ન લીધો અને**
**કાગળ હાથમાંથી સરકી પડ્યો,**
**હું મૂવો આઘાતમાં સરકી પડ્યો.**
**સાથોસાથ સ્મરણમાં ગરકી ગયો!!**
**હજુ એકવીસ જુન ૧૯૬૮૪માં નોકરીએ લાગેલો અને નિવૃતિ**
**૩૦ મી એપ્રિલ-૨૦૨૩ .**
**માનો કે ગઈકાલની તાજી ઘટના ન હોય.**
**જેમ બકાલીએ જળ છાંટેલી ભાજી ન હોય!!**
**શરૂઆતમાં ગુમાન હોય,**
**એને હજી ઘણીવાર છે.**
**માનો કે સરકારી જમાઈ તરીકે**
**અમરપટો લખાવી ન લાવ્યા હોય!**
**એટલે મલમપટ્ટો યાદ ન આવે**
**વચ્ચેના વરસોમાં**
**સુડોળ દેહયષ્ટિ બેડોળતમ થઇ.**
**તળાવ જેવી આંખને ડેમ જેવા ચશ્મા આવ્યા.**
**ઇથોપિયાના દુકાળિયા જેવા પેટ,**
**દુકાનોના દબાણ જેવા તગડાં થયા!!**
**પગ તો એકાબેકી રમે.**
**ડાયાબિટીસ સંગીત ખુરસી રમે.**
**હાર્ટએટેક ખો ખો રમે.**
**ગુચ્છાદાર વાળ પર વાવાઝોડું ફરી ગયું,**
**વિશાળ ટાલ પ્રદેશ ભૂશિરની જેમ ઉપસી આવે.**
**કાળાધોળાનો કેશ કોન્ટ્રાસ્ટ,**
**માનો કે શ્વેતશ્યામ મુક સિનેમા.**
**સફેદ વાળ અને**
**હેરડાઇમાં ઝબકોળેલ મૂંછ વચ્ચે,**
**સફેદ કાંટાદાર દાઢી ભોરીંગડીની યાદ અપાવે!!**
**મોસ્ટ એલીજીબલ બેચલરમાંથી ,**
**ખડુસ ખુસટ કાકા થયા.**
**ડેબોનેર કે પ્લેબોય ભલે જોઉં,**
**માળા ફેરવવાની ઉંમર થઇ.**
**નિયામક, હિસાબ અને તિજોરીએ,**
**નિવૃતિની તારીખ લખી,**
**પેન્શન પેપરો તૈયાર કરવા સૂચના આપી!!**
**કેટલો મોટો આંચકો!!**
**ધરતીકંપ તો સિસ્મોગ્રાફે મપાય?**
**આમે કયાં ગ્રાસે માપવો!**
**રવિન્દ્રનાથ ટાગોરની રચના જેમ,**
**રોંગ મેન ઇન વર્કર્સ પેરેડાઇઝ થયો.**
**લો, હું સાલ્લો સરકારી બુઢ્ઢો થયો!!!**
**ભરત વૈષ્ણવ**
**૧૫.૭.૨૦૨૨.**

# 'વિશેષ સંવાદ : '૨૦૪૭ સુધી ભારતને ઇસ્લામિક દેશ બનાવવાનું પી.એફ.આય.નું ષડ્યંત્ર



'વર્ષ ૨૦૪૭માં ભારતને ઈસ્લામિક રાષ્ટ્ર બનાવવા માટે ૧૦ ટકા મુસલમાનોએ સહાયતા કરી, તો નિર્બળ બહુસંખ્યાંક (હિંદુઓને) શરણ લાવીને ઈસ્લામ સ્?વીકારવાની ફરજ પાડીશું', એવું આત્મવિશ્વાસથી કહેનારા 'પોપ્યુલર ફ્રંટ ઓફ ઈંડિયા'ના (પી.એફ.આય.ના) દસ્તાવેજો ભણી હિંદુઓએ આંખ આડા કાન કરવા નહીં. એ જ વૃત્તિને કારણે ભારતનો એક સમયે ભાગ રહેલા અફઘાનિસ્તાન, પાકિસ્?તાન, શ્રીલંકા આપણે ગુમાવી ચૂક્યા છીએ. આજે આપણી કાંઈક હાનિ થશે, આ બીકમાં રહીશું, તો આવતી કાલે રાષ્ટ્ર જ શેષ રહેશે નહીં. જો રાષ્ટ્ર જ આપણું નહીં રહે, તો પછી આપણું પણ કાંઈ શેષ રહેશે નહીં. 'સેક્યુલર' સરકાર પણ રહેશે નહીં. આજે ઝારખંડ રાજ?યની એક શાળામાં મુસલમાન વિદ્યાર્થીઓની સંખ્યા ૭૦ ટકા વધારે થયા પછી ત્યાં હિંદુઓને હાથ જોડીને પ્રાર્થના કરવા માટે પ્રતિબંધ કરવામાં આવ્યો છે. તેથી હિંદુઓ હવે પોતાનું વ્યક્તિગત સુખ-દુઃખ અને હાનિનો વિચાર કર્યા વિના રાષ્ટ્રરક્ષણ માટે આગેવાની કરે, તો જ રાષ્?ટ્ર બચશે, એવું સ્પષ્ટ પ્રતિપાદન રાજસ્થાન ખાતે 'જ્ઞાનમ ફાઊંડેશન'ના સંસ્થાપક મહંત દીપક ગોસ્વામીએ કર્યું. હિંદુ જનજાગૃતિ સમિતિ વતી આયોજિત '૨૦૪૭ સુધી ભારતને ઈસ?લામિક દેશ બનાવવાનું પી.એફ.આય.નું ષડ્યંત્ર ?' આ વિષય પરના ઑનલાઈન 'વિશેષ સંવાદ'માં તેઓ બોલી રહ્યા હતા. આ સમયે બિહાર ખાતેના 'ભારતીય જનક્રાંતિ દળ'ના રાષ્ટ્રીય મહાસચિવ ધારાશાસ્ત્રી રાકેશ દત્ત મિશ્રાએ કહ્યું, બિહારના બનાવ પરથી પી.એફ.આય. અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની તુલના કરવી ભૂલભરેલી છે. પી.એફ.આય. વિવિધ ઘાતક શસ્ત્રાસ્ત્રોનું પ્રશિક્ષણ આપીને દેશમાં હિંસક કૃતિઓ કરી રહી છે, જ્યારે રા.સ્વં. સંઘ આ દેશપ્રેમી સંગઠન નાગરિકોને સ્વસંરક્ષણ પ્રશિક્ષણ શીખવે છે. ખરું જોતાં સંઘ વિશે વાંધાજનક વક્તવ્ય કરનારા બિહાર પોલીસ અધિકારી માનવજીતસિંહ ડિલ્લોનના ખલિસ?તાની આતંકવાદીઓ સાથે કાંઈ સંબંધ છે ખરા, તેની તપાસ થવી જોઈએ.

'પી.એફ.આય.' જેવા દેશવિઘાતક સંગઠન પર પ્રતિબંધ મૂકો ! આ સમયે હિંદુ જનજાગૃતિ સમિતિના પ્રવક્તા શ્રી. નરેંદ્ર સુર્વેએ કહ્યું કે, તુર્કસ્થાનનું 'આય.એચ.એચ.' (IHH) આ ગુપ્તચર જૂથ દાનના નામ હેઠળ સંપૂર્ણ જગત્માં આતંકવાદી કૃતિઓ કરતું હોય છે. આ જ જૂથ સાથે પી.એફ.આય.ની ઘણી બેઠકો થઈ છે. ચીન દ્વારા પી.એફ.આય.ને કરોડો રૂપિયા મળ્યા છે. તેનું જ બીજું સંગઠન 'કેમ્પસ ફ્રંટ ઓફ ઈંડિયા' (સી.એફ.આય.) અને અન્?ય સંગઠનોને ૧૦૦ કરોડ મળ્યા હોવાનું 'ઈડી'ની તપાસમાં ઉજાગર થયું છે. 'નાગરિકત્વ સુધારણા કાયદા'નો વિરોધ કરવા માટે પી.એફ.આય.ને વિવિધ દેશોમાંથી ૧૨૦ કરોડ રૂપિયા મળ્યા છે. અનેક હિંદુત્વવાદીઓની હત્યા આ સંગઠને કરી છે. પ્રતિબંધિત 'સીમી'ના જ લોકો પી.એફ.આય. સંગઠનના માધ?યમ દ્વારા દેશવિઘાતક કૃતિઓ કરી રહ્યા છે.

આ જ સંગઠનની કેરળ ખાતેની રેલીમાં ૧૦ વર્ષના છોકરાએ હિંદુઓના નરસંહારનું આવાહન કર્યું હતું. તેથી 'પી.એફ.આય.' સાથે જ સંલગ?ન દેશવિઘાતક સંગઠનોને પ્રતિબંધિત કરવી જોઈએ.

આપનો નમ્ર,

શ્રી. રમેશ શિંદે

રાષ્ટ્રીય પ્રવક્તા, હિંદુ જનજાગૃતિ સમિતિ.

(સંપર્ક : ૯૯૮૭૯૬૬૬૬૬)

# 'કૃષિમહર્ષિઃ પ્રમુખસ્વામી મહારાજ' વિષય પર સેમિનાર યોજાયો

## પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ નિમિત્તે પી. પી. સવાણી યુનિવર્સિટી, સુરત તથા આર્ષ શોધ સંસ્થાન, સ્વામિનારાયણ અક્ષરધામ, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે 'કૃષિમહર્ષિઃ પ્રમુખસ્વામી મહારાજ' વિષય પર સેમિનાર યોજાયો





કોસંબા, સુરત તા.૧૫/૦૭/૨૦૨૨

વિશ્વવંદનીય સંત પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી મહોત્સવ નિમિત્તે પ.પૂ. મહંતસ્વામી મહારાજની પ્રેરણાથી ભગવાન શ્રી સ્વામિનારાયણે ચીંધેલા રાહે, માનવ માત્રના સર્વાંગી ઉત્કર્ષ માટે, પોતાના જીવનની ક્ષણે-ક્ષણનું બલિદાન આપનાર, અવિરત વિચરણ કરી ગામેગામ અને દેશ-પરદેશમાં પધરામણીઓ કરી, અસંખ્ય લોકોનાં સુખ-દુઃખમાં ભાગીદાર બની, તેમને આત્મીયતાપૂર્ણ વ્યક્તિગત મુલાકાત આપનાર, લોકસેવાનાં વિરાટ કાર્યોની અવિરત વણઝાર વચ્ચે અહોરાત્ર સેવાકીય પ્રવૃત્તિઓ કરી જીવપ્રાણીમાત્રમાં પરમાત્માનાં દર્શન કરી સેવાનો આનંદ લેતાં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના બહુપરિમાણીય વ્યક્તિત્વને જુદા-જુદા દૃષ્ટિકોણથી મૂલવતી અને તેઓના દિવ્ય જીવન કાર્યને અર્ઘ્ય આપતી વિવિધ કાર્યક્રમોની શૃંખલાઓ સમગ્ર વિશ્વમાં ચાલી રહી છે.

"થોડું પણ નક્કર કાર્ય" એવો જીવનમંત્ર ઘૂંટાવીને સંતો-કાર્યકરોને દરેકે દરેકને ખેતરે, વાડીએ કે કૂવે જઇને પેઢીઓ જૂના ખેડૂત માનસમાં કંડારાયેલી રૂઢ માન્યતાઓને ભૂંસીને કૂવામાં પાણી નાખવાનું ભગીરથ કાર્ય સમજાવવા આદેશ આપી તેમણે કરેલાં જળ અને કૃષિલક્ષી અદ્વિતીય કાર્યોના ઉપલક્ષ્યમાં પી પી સવાણી યુનિવર્સિટી અને આર્ષ શોધ સંસ્થાન, સ્વામિનારાયણ અક્ષરધામ, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે "કૃષિમહર્ષિ : પ્રમુખસ્વામી મહારાજ" એ વિષય પર તા.૧૫-૦૭-૨૦૨૨ના રોજ પી પી સવાણી ઓડિટોરીયમ હોલ ખાતે બપોરે ૦૧.૦૦ થી બપોરે ૦૩.૩૦ દરમ્યાન વિશેષ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમના અધ્યક્ષ તરીકે પી પી સવાણી યુનિવર્સિટી, કોસંબા સુરતના પ્રમુખશ્રી, શ્રી વલ્લભભાઈ સવાણી, વક્તા તરીકે બીએપીએસ સ્વામિનારાયણ મંદિર, સુરતના પૂ. શ્રુતિચિંતનદાસ સ્વામી તથા મુખ્ય વક્તા તરીકે આર્ષ શોધ સંસ્થાન, સ્વામિનારાયણ અક્ષરધામ, ગાંધીનગરના નિયામકશ્રી, પ્રો. ડૉ. પૂ. શ્રુતિપ્રકાશદાસ સ્વામી, તેમજ બીએપીએસ સ્વામિનારાયણ મંદિર સુરતના સંતનિર્દેશક પૂ. મુનિવંદનદાસ સ્વામી વગેરે મહાનુભવો ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમની શરૂઆત દીપપ્રાગટ્યથી થઈ. ત્યારબાદ પ.પૂ.પ્રમુખસ્વામી મહારાજની આયોજનશક્તિ, નિર્ણયશક્તિ તથા દૂરંદેશિતાથી તેમણે કરેલાં વિવિધ કૃષિલક્ષી કાર્યોની વિવિધ પ્રવૃત્તિઓની સ્મૃતિ વીડિયોના માધ્યમથી કરાવાઈ હતી. પી. પી. સવાણી યુનિવર્સિટી, સુરતના કુલપતિશ્રી ડૉ. પરાગ સંઘાણીએ મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કરી પુસ્તકથી સ્વાગત કર્યું હતું. તથા સેમિનાર અંગેની માહિતી આપી હતી તેમજ પ્રમુખસ્વામી મહારાજના દિવ્ય ગુણોની સ્મૃતિ કરી હતી. સંચાલકશ્રીએ બંને વક્તાઓનો પરિચય આપ્યો હતો.

"કૃષિક્ષેત્રે બીએપીએસ સંસ્થાનું પ્રદાન" વિષયક વક્તવ્ય રજૂ કરતા પૂ. શ્રુતિચિંતનદાસ સ્વામીએ સૌ પ્રથમ પ્રમુખસ્વામી મહારાજના જીવનના વિશે વાત કરતા કહ્યું કે, સ્વામીશ્રી 'બીજાના ભલામા આપણું ભલું' એ જીવન સૂત્ર સાથે જીવન જીવ્યા છે. તેમણે ૯૫ વર્ષની વયે દેશ-વિદેશમાં વિચરણ કરી ગુજરાતના ૧૮ હજાર ગામડાંમાં વિચરણ તેમજ ૪૦ લાખ લોકોને મળી માર્ગદર્શન આપેલ છે. બીએપીએસ સંસ્થા અને સ્વામીશ્રી ૧૬૨ જેટલી જીવન ઉત્કર્ષ પ્રવૃત્તિઓ સાથે જોડાયેલા છે તેમાં કૃષિક્ષેત્ર તેમનું આગવું પ્રદાન રહ્યું છે. બીએપીએસ સંસ્થામાં ગુરૂ મહંતસ્વામી મહારાજ પણ મ્જીષ એગ્રીકલ્ચર એન્જીનીયરીંગ કરેલ છે. સાંકરી, સારંગપુર વગેરે વાડીઓમાં વૈજ્ઞાનિક પદ્ધતિથી ખેતી કરવામાં આવે છે. તેમાં આધુનિક ટેક્નોલોજીનાં ઉપયોગ કરવામાં આવે છે. જેમાં યજ્ઞપુરુષ વાડી સારંગપુરમાં કૃષિ વિષયક પાકોનું સંશોધન કરવામાં આવે છે. ગુજરાત સરકાર અને આજુ બાજુના ખેડુતો પણ યજ્ઞપુરુષ વાડીમાં મુલાકાત લઈ પ્રેરણા લઈ રહ્યાં છે. પાકોમાં ક્યારે, કેવી રીતે દવાઓનો છંટકાવ કરવો તેનું પણ ધ્યાન રાખવામાં આવે છે.

ફળ, ફળાદિક તેમજ શાકભાજીને આધુનિક પદ્ધતિથી વાવેતર કરવામાં આવે છે. રાજકોટ અને સાંકરી વગેરે વાડીઓમાં ઓર્ગેનિક ફાર્મીંગ દ્વારા વાવેતર કરી મબલક ઉત્પાદન પ્રાપ્ત થાય છે. સાથે એમાં ગ્રીન હાઉસનો પણ ઉપયોગ કરવામાં આવે છે. તેવી રીતે પ્રમુખસ્વામી મહારાજનું કૃષિક્ષેત્રે બહુ મોટુ યોગદાન આપેલ છે.

ઈઝરાયેલની આધુનિક ટેક્નોલોજીના અભ્યાસ માટે સંતોને મોકલી તેમણે આધુનિક ટેક્નોલોજીથી ટપક સિંચાઇ વગેરે પદ્ધતિઓનો ઉપયોગ કરવામાં આવે છે તેમ જણાવ્યું હતું. સાથે સાથે તે પદ્ધતિનો ઉપયોગ વિષે ગુજરાતના ખેડૂતોને જાણકારી આપી તેમણે જાગૃત કરવામાં આવ્યા છે. નવા નવાં ખેતી વિષયક રીસર્ચ સંતો દ્વારા કરવામાં આવ્યા છે. જેની મુલાકત લઇ ગુજરાતની કૃષિ યુનિવર્સિટીઓ અને સરકારે પણ નોંધ લીધી છે.

કરેલા રીસર્ચનો બીજા ખેડૂતોને લાભ પ્રાપ્ત થાય તે માટે ખેડૂતોના માર્ગદર્શન માટે શિબિર-સેમિનારનું આયોજન કરવામાં આવે છે. ઈફકો દ્વારા નેનો યુરીયાનું લોકાર્પણ સારંગપુર ખાતેની વાડીમાં પૂ. મહંતસ્વામીની ઉપસ્થિતીમાં કરેલ તે જોતાં કૃષિમહર્ષિ પ્રમુખસ્વામી મહારાજ જે ઉપમાં આપી છે તે સાર્થક જણાય છે.

"કૃષિમહર્ષિ પ્રમુખસ્વામી મહારાજ" વિષયક વક્તવ્ય રજૂ કરતા મુખ્ય વક્તા પ્રો. ડૉ. પૂ. શ્રુતિપ્રકાશદાસ સ્વામીએ જણાવ્યું કે, ખેતી શબ્દ કોઇ ખેડૂતનો ઈજારો નથી. પૃથ્વી માતા, જન્મદાત્રી માતા, નદી માતા અને ગાય માતા છે તે ચારેય માતાઓ માનવનું પાલન પોષણ કરે છે. ઋષિ એટલે 'આર્ષ દૃષ્ટા અને દરેકનું હિત ઈચ્છનાર.' પ્રમુખસ્વામી મહારાજ માટે કૃષિમહર્ષિ શીર્ષક સાર્થક લાગે છે.

પ્રમુખસ્વામી મહારાજે વિચરણ દરમ્યાન અનેક ગામોના ખેડૂતોને તેમણે કૃષિ વિષયક આગવો વિચાર આપીને પરંપરાગત તેઓના પાક લેવાના અભિગમને નવી દિશા આપી પાકના નવા પ્રયોગો સૂચવ્યા હતા અને જે ખેડૂતોને લાભદાયી નિવડ્યા હતા.

ખેતી માટે પ્રમુખસ્વામી મહારાજની દૃષ્ટિ તેના મૂળ સુધી પહોંચતી. ખેતી માટે ઉપયોગી એવા પશુધનની પણ તેમને આગવી સૂઝ હતી. હજારો પશુઓમાં કયું ઢોર દૂબળુ છે તે તેમને ખબર પડી જતી.

૧૯૮૬-૮૮ના ગુજરાતના ભીષણ દુષ્કાળમાં પ્રમુખસ્વામી મહારાજે કેટલકેમ્પ (પશુ કલ્યાણ કેન્દ્ર)માં ૬૨૧૦ બળદોને ૪ કેટલ કેમ્પોમાં સાચવ્યા હતા. બળદની તેમની ખુબ વૈજ્ઞાનિક અભિગમ સાથે સરભરા કરાવી. બળદની સાથે સાથે ખેડૂતોની પણ દુષ્કાળ સમયે સંભાળ લીધી. તેમનાં વ્યસનો પણ મુકાવ્યાં. કેટલકેમ્પમાં પશુઓને એ રીતે સાચવ્યા હતા કે તેમનો સર્વાંગી વિકાસ થાય. પ્રત્યેક ઢોરને પૂરતા પ્રમાણમાં ખોરાક અપાતો. જે અગાઉ ૧૮-૧૮ કિલોના બદલામાં ૨૧-૨૧ કિલો ખોરાક પ્રતિદિન આપવામાં આવતો. જ્યારે કેટલ કેમ્પમાં બળદો આવ્યા ત્યારે એક ટ્રકમાં ૬-૮ આવતા અને જ્યારે દુષ્કાળ પૂર્ણ થયે પરત મોકલ્યા ત્યારે ટ્રકમાં ૪ બળદ આવતા એટલા આ બળદો સશક્ત અને વિકસિત થયા. આ બધું સ્વામીશ્રીએ કર્યું એટલા માટે કારણ કે ખેતી સચવાય. પશુ સેવા એજ ભક્તિ છે એમ સંતોને કહેતા. ભણેલા ગણેલા સંતો સૌને પણ પશુઓની સેવામાં જોડી દીધા.ખેતી માટે મુખ્ય પરિબળ પાણી છે. પાણીનો બગાડ ન થાય તેનું ખાસ ધ્યાન રખાવે. કોઈ પણ મંદિરમાં જાય ત્યારે ખેતી સંબંધી પૃચ્છા-સમીક્ષા અવશ્ય કરતા.ખેતી માટે મુખ્ય પરિબળ એવા પાણીની વ્યવસ્થા તમામ ખેડૂતોને પહોચે તે માટે ગુજરાતની જીવાદોરી સમાન નર્મદા યોજનાને પૂર્ણ કરવા માટે યોજનાના પ્રત્યેક તબક્કે પોતે નોંધપાત્ર યોગદાન આપ્યું. આ યોજનાના વિઘ્નોને નાથવા સરકારના કાર્યમાં સક્રિય સહયોગ આપ્યો. નર્મદા ડેમને વિરોધીઓ દ્વારા રોકવામાં આવી ત્યારે પક્ષ અને વિરોધ પક્ષને સાથે બેસાડી નર્મદા ડેમનાં કાર્યને પૂર્ણ કરવા સૂચન આપેલા છે. આ યોજનાના પ્રારંભિક તબક્કે વિશ્વબેંકની લોનના માટે અવરોધ ઉભો થયો ત્યારે નર્મદા શ્રીનિધિ બોન્ડમાં રોકાણ કરવા માટે સૌને અપીલ કરી અને બીએપીએસ સંસ્થા દ્વારા પ્રથમ જ ૫૧ લાખનું યોગદાન આપ્યું. નર્મદા વિરોધીઓની બાબા-આમ્ટેની રેલી સામે ફેરકૂવા પાસે નર્મદા સમર્થકોની જંગી માનવ સાંકળ ઉભી કરી દીધી અને સૌ માટે ભોજન વગેરે માટે સંતો-સ્વયંસેવકોને સેવામાં તત્પર કરી દીધા.


પાણીના સંગ્રહ માટે અનેક ચેકડેમ, કૂવા રિચાર્જના કામો કરાવ્યા. કૂવા રિચાર્જ માટે સ્વામીશ્રી અવારનવાર ખેડૂતોને વ્યક્તિગત સમજાવતા. સંતોની શિબિરમાં પણ સંતોને આદેશ આપ્યો કે તેઓ ગામડે વિચરણ કરવા જાય ત્યારે ખેડૂતોને કૂવા રિચાર્જની વાત સમજાવે.

તાલુકે-તાલુકે ખેડૂત સંમેલન કરાવ્યા. તેમાં બાગાયતી ખેતી કરે, પોતાના મકાનની આજુબાજુ પ્રત્યેક ખેડૂત ૧૦-૧૦ વૃક્ષો વાવે. જ્યાં જ્યાં પ્રમુખસ્વામી મહારાજને તક મળી છે. ત્યારે ત્યારે ખેતીને, પશુઓને, વૃક્ષોને સાચવવાની પ્રેરણાઓ આપી છે. જેમ સૂર્ય કોઈને ભેદભાવ નથી રાખતો સૌને પ્રકાશ આપે છે. તેમ સ્વામીશ્રી ધર્મ-જ્ઞાતિ વગેરેનો ભેદભાવ રાખ્યા વિના સૌ માટે પુરુષાર્થ કરતા. સંતોને ખેતી શીખવા માટે ઈઝરાયેલ મોકલીને ઓછા પાણીએ સારૂં ઉત્પાદન આવે તે વૈજ્ઞાનિક ખેતીને અમલમાં મૂકી. આજે સારંગપુરની યજ્ઞપુરુષ વાડી સૌ માટે આદર્શ નમૂનો છે.


પર્યાવરણ જતન માટે દર વર્ષે વૃક્ષારોપણની પ્રવૃત્તિ શરૂ કરી હતી જે આજે પણ ચાલુ છે. પદ્મપુરાણમાં વનસ્પતિ પાસે માંગવામાં આવ્યું છે કે હે વનસ્પતિ! તમે અમને આયુ, બળ, યશ, તેજ, સંતતિ, પશુ, ધન, બ્રહ્મજ્ઞાન, બુદ્ધિ આપો. આ ભાવના સત્પુરુષોમાં રહી છે.

સ્વામીશ્રી ખેતીને જીવંત રાખવાં માટે સતત માર્ગદર્શન આપતા રહ્યા છે. તે માટે અધ્યાત્મભાવના જાગ્રત થાય તે માટે સત્સંગ પણ શરૂ કરાવ્યો. કચ્છભૂજમાં ભૂકંપ પછી નવા બાંધકામ વખથે પોતાને કુટુંબ પુરતું શાકભાજી મળતુ રહે તે માટે કિંચન ગાર્ડન કરવાની પ્રેરણી આપી. ખેડૂતોને ડ્રીપ ઈરીગેશન પદ્ધતિનો ઉપયોગ કરવા કહ્યું અને બાગાયતી પાકો પણ વાવતા કર્યા.

વર્તમાન ગુરુદેવ પૂ. મહંતસ્વામી મહારાજ ખેતી પ્રત્યે રુચિ ધરાવે છે. ખેતીને તેઓ જીવંત માને છે. તેમાં પણ જીવ રહ્યો છે તેવી ભાવના હંમેશા રાખે છે. એવી રીતે આપણે પણ ખેતીને જીવંત માણીએ તેવી પ્રાર્થના કરી તેમજ પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવની સવિસ્તર માહિતી આપી વક્તવ્ય પૂર્ણ કર્યું હતું.કાર્યક્રમના પ્રાસંગિક ઉદબોધન પ્રવચનમાં બીએપીએસ સ્વામિનારાયણ મંદિર સુરતના સંતનિર્દેશકશ્રી, પૂ. મુનિવંદનદાસ સ્વામીએ કહ્યું કે, પ્રમુખસ્વામી મહારાજના કૃષિક્ષેત્ર કાર્યો જોતાં તેમને કૃષિમહર્ષિનું જે બિરુદ આપવામાં આવ્યું છે તે ખરેખર યથાયોગ્ય છે. તે પ્રમાણે મ્છઁજી સંસ્થા અને પ્રમુખસ્વામી મહારાજે કૃષિક્ષેત્રે ખૂબ જ કાર્ય કરેલું છે. તેમણે વધુમાં જણાવ્યું કે, પ્રમુખસ્વામી મહારાજે એક સાધુ તરીકે તેમના ફિલ્ડમાં ન આવતાં હોય તેવાં કાર્ય કે જે સર્વજીવહિતાવહ હોય તે કર્યાં છે. તેમાં તેમણે કૃષિક્ષેત્રે મહાન કાર્ય કરેલું છે તેવી વાત કરી હતી. તેવી રીતે વર્તમાનકાળે પૂ. મહંતસ્વામી મહારાજ પણ કૃષિમહર્ષિ જ છે તેવી વાત કરી. પ્રમુખસ્વામી મહારાજ મોટામાં મોટી ખેતી સંસ્કારોની કરી રહ્યા છે એવી વાત કરી વક્તવ્ય પૂર્ણ કરી સૌનો આભાર માન્યો હતો.આમ, પી પી સવાણી યુનિવર્સિટી, સુરત ખાતે પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી મહોત્સવ નિમિત્તે સ્વામીશ્રીના દિવ્ય જીવન-કાર્યમાંથી પ્રેરણા આપતાં ભવ્ય સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. સેમિનારમાં મોટી સંખ્યામાં આમંત્રિત ખેડૂતો, સુગર ફેક્ટરીના માલિકો તેમજ શ્રોતાઓ ઉપસ્થિત રહ્યા હતા. સાથે સાથે પી. પી. સવાણી યુનિવર્સિટી, કોસંબા સુરતની વેબસાઇટ પર અને બીએપીએસ સંસ્થાની પ્રેરણાસેતુ એપ પર લાઈવ પ્રસારણ કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પી. પી. સવાણી યુનિવર્સિટી, કોસંબા સુરતના શ્રી સુમિતભાઇ વાઢેર દ્વારા કરવામાં આવ્યું હતું અને સભાના અંતમાં પી. પી. સવાણી યુનિવર્સિટી, કોસંબા સુરતના રજીસ્ટ્રારશ્રી, ડૉ. સતીષ બિરદારે આભારવિધિ કર્યો હતો. રાષ્ટ્રગાન સાથે સેમિનારની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી.




## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ



NOG.SS NO. 0032
વિષયઃ- સૂર- સંગીત - સૂરાવલી
શીર્ષકઃ- સૂર
મોરપીંછ લીધું તે હાથમાં રાધા,
કહેતો મોરલીનાં સૂર આપી દઉં.
તારા સ્મિતમાં તો ઓળઘોળ થાઉં,
કહેતો હૈયાનાં હેત આપી દઉં.
હું તો ઢોળું ઢોળુંને સાત સૂર,
બસ ખોબામાં ઝીલી લે સાત સૂર.
તું સૂર રેલાવે તો ગીત કહેવાય,
હું શ્વાસ છોડું તો પ્રીતડી કહેવાય.
શ્વાસમાં આવે છે તારા શબ્દોનું પૂર,
દિલમાં આવે છે તારા મૌનનાં સૂર.
આજ આવે છે એ શરણાઈનાં સૂર,
સૂરને મેં સાચવ્યો છે મારો લય સમજી .
સમજો તો સમજી જાવ આ સૂરને,
સૂર સંગીત સરગમ સમજી.
મીના માંગરોલીયા. મીનુ

## આવો ને સજાવીએ આજને



**આવો ને સજાવીએ આજને કાલ કોણે જોઇ છે?**
**જીવન સાદગીભર્યુ બનાવી દઈએ કાલ કોણે જોઇ છે?**
**આવો ને સજાવીએ આજને....**
**કહેવાય છે જે આપીશું તે જ પામીશું, જે વાવીશું તે જ લણીશું....**
**તો આવો ને પ્રેમ, નમ્રતા, સહનશીલતાના બીજ વાવી દઈએ.....કાલ કોણે જોઇ છે?**
**આવો ને સજાવીએ આજને....**
**બહુ કરી દીધી વાતો ચીતો, બહુ કરી દીધી મુલાકાતો ..**
**થોડું મૌન, થોડું એકાંત, થોડું જાત સાથે જીવી લઈએ...કાલ કોણે જોઇ છે?**
**આવો ને સજાવીએ આજને....**
**વેર, ઇર્ષા, નિંદા, નફરત..ક્રોધ, અધિરાઈ, લોભ ને લાલચ બહુ અપનાવ્યા તા**
**જીવનમાં હવે પ્યાર,ધીરજ ને વિશાળતા ધારણ કરી લઈએ...કાલ કોણે જોઇ છે?**
**આવો ને સજાવીએ આજને....**
**બોસ, મેડમ, સર, બહુ સાંભળી લીધું..અહમમાં પણ બહુ જીવી લીધું**
**હવે સદગુરુએ શીખવાડેલ દાસ ભાવના અપનાવી લઈએ...કાલ કોણે જોઇ છે?**
**આવો ને સજાવીએ આજને......**
**ઝાઝી વીતી ગઈ ને થોડી રહી છે આ જિંદગાની...**
**ચાલ ને લક્ષ્મી હવે તો ચેતી જઈએ ને સમજી જઈએ કિંમત સમયની...કાલ કોણે જોઇ છે?**
**આવો ને સજાવીએ આજને, કાલ કોણે જોઇ છે?**
**લક્ષ્મી મુરલીધર વાધવાણી..ગાંધીનગર**
**ધન નિરંકાર જી,**
**આ સાથે દાસી એ લખેલ પ્રથમ કવિતા આપશ્રીને મોકલાવી છે. યોગ્ય લાગે તો ગુજરાતી પત્રિકામાં છાપવા વિનંતી છે, દાસીએ સામાજિક અને આધ્યાત્મિક લેખ ઘણા લખ્યા છે પરંતુ, કવિતા દાસી નો પ્રથમ પ્રયાસ છે તો દાસી આપનીપાસેથી માર્ગદર્શન ની પણ અપેક્ષારાખે છે. કંઇ પણ ભૂલ હોય તો સુધારવાનોઅધિકાર પણ આપશ્રીને છે. આભાર સહ ધન નિરંકાર જી.**
**લક્ષ્મી મુરલીધર વાધવાણી..ગાંધીનગર**

# ગરમી કોને કહેવાય યહ તુમ કયાં જાનો લુથિઆનિયનબાબુ???

લિથુઆનિયા યુરોપ મહાદ્વીપમાં સ્થિત એક દેશ છે . બારમી સદીના અંતભાગમાં આ પ્રદેશ નવા રાષ્ટ્ર તરીકે અસ્તિત્વમાં આવ્યો. ઈ. સ. ૧૪૧૦માં ટન્નેનબર્ગ ખાતે પોલૅન્ડ સાથે યુદ્ધ ખેલાયું. ઈ. સ. ૧૫૬૯માં પોલૅન્ડ સાથે તેનું જોડાણ થયું. ઈ. સ. ૧૭૯૫માં રશિયાએ પ્રભુત્વ સ્થાપ્યું. ઈ. સ. ૧૮૩૧ અને ૧૮૬૩માં સ્વતંત્રતા માટે થયેલી ક્રાંતિમાં નિષ્ફળતા પ્રાપ્ત થઈ. ઈ. સ. ૧૯૧૮–૧૯માં તે સ્વતંત્ર રાષ્ટ્ર તરીકે અસ્તિત્વમાં આવ્યું. ઈ. સ. ૧૯૩૯–૪૦માં પુનઃ તે રશિયાના હસ્તકે આવ્યું. ઈ. સ. ૧૯૯૪માં મૈત્રી અને સહકારના મુદ્દે પોલૅન્ડ સાથે સંધિ થયેલ લિથુઆનિયાનું સૂત્રઃ લિથુઆનિયન નૈં હૈંઅ કર્ઞૈજિર છે. જેનો અર્થ એકતાને ખીલવીએ તેવો થાય છે. તેની રાજધાની વિલ્નિયસ છે.લિથુઆનિયાની સ્વતંત્ર દેશ તરીકે તા.૧૧ -૩-૧૯૯૦ માં જાહેરાત થયેલી અને માન્યતા તા.૬.૯.૧૯૯૧ માં પુનઃસ્વાતંત્ર્ય મેળવનાર બાલ્ટિક પ્રદેશમાં આવેલો પૂર્વ યુરોપનો દેશ. ૧૯૧૮થી ૧૯૪૦ સુધી તે એક સ્વતંત્ર દેશ હતો. તે પછી સોવિયેત યુનિયને ૧૫ પ્રજાસત્તાક રાજ્યોને બળપૂર્વક પોતાનામાં સમાવી લીધેલાં, તેમાં લિથુઆનિયા પણ એક હતું. ૫૦ વર્ષ સુધી તે સોવિયેત યુનિયનમાં ભેળવાયેલું રહ્યું. ૧૯૯૧માં વિભાજન થતાં તે સ્વતંત્ર બન્યું આ દેશનું ચલણ લુથિઆનિયન લિટાસ છે. આજુબાજુનો આશરે ૬૫,૨૦૦ ચોકિમી. જેટલો વિસ્તાર આવરી લે છે. તેની ઉત્તરમાં લૅટવિયા, પૂર્વ અને દક્ષિણમાં બેલારુસ (શ્વેત રશિયા) તથા પશ્ચિમે થોડો રશિયાઈ ભાગ તથા બાલ્ટિક સમુદ્ર આવેલા છે. તેનું પૂર્વ-પશ્ચિમ મહત્તમ અંતર ૩૭૫ કિમી. અને ઉત્તર-દક્ષિણ મહત્તમ અંતર ૨૮૦ કિમી. છે. આ ટચુકડા દેશની વસ્તી લિથુઆનિયાની વસ્તી ૨૦૦૦ મુજબ ૩૭ લાખ જેટલી છે. ગ્રામીણ વસ્તી ૩૨ % અને શહેરી વસ્તી ૬૮ % છે. દેશમાં ૮૦ % મૂળ લિથુઆનિયનો, ૯ % રશિયનો, તેનાથી થોડાક ઓછા પોલૅન્ડવાસીઓ, ૨ % બેલારુસીઓ, ૧ % યૂક્રેનિયનો તથા ૧ % થી ઓછા યહૂદીઓ વસે છે. બીજા વિશ્વયુદ્ધ પહેલાં અહીં ૮ % જેટલા યહૂદીઓ હતા, પરંતુ નાઝીઓએ તેમને યુદ્ધ દરમિયાન મારી નાખેલા. દેશના આશરે ૯૦ % નિવાસીઓ રોમન કૅથલિક લ્યૂથેરન તો કેટલાક પ્રૉટેસ્ટંટ છે. અહીંની સંસ્કૃતિ રોમન કૅથલિક અસર હેઠળ વિકસેલી, તેથી કૅથલિક રીતિરિવાજો તેમના જીવનમાં ઓતપ્રોત થઈ ગયેલા છે, પરંતુ સોવિયેત શાસન દરમિયાન તેમના પર ઘણી જાતની ધાર્મિક, સામાજિક, શૈક્ષણિક મર્યાદાઓ લાદવામાં આવી હતી. ૧૯૮૮માં તે હઠાવી લેવાયેલી છે. પ્રતિ વ્યકિત ૧૫,૬૫૭ ડોલર છે.દેશની જીડીપી ૪૮.૩૮ બિલિયન ડોલર છે.

લિથુઆનિયામાં આશરે ૩,૦૦૦ જેટલાં નાનાં સરોવરો આવેલાં છે. આ દેશમાં નદીઓની સંખ્યા પણ ઘણી છે. સરોવરો દેશનો આશરે ૧૧ % ભાગ આવરી લે છે. અહીંની મોટી અને લાંબી ગણાતી નદી નેમાન છે તે બેલારુસમાંથી નીકળે છે, લિથુઆનિયામાં વહે છે અને બાલ્ટિક સમુદ્રમાં ઠલવાય છે. જંગલો દેશનો આશરે ૨૫ % ભાગ આવરી લે છે. લિથુઆનિયાનું મોટાભાગનું ભૂપૃષ્ઠ સમતળ છે અથવા આછા ઢોળાવવાળી ભૂમિથી બનેલું છે. અહીંની ભૂમિ મધ્યના નીચાણવાળા ભાગ તરફ ઢળતી છે. પશ્ચિમ તરફનો ભાગ થોડોક ઊંચો છે. પરંતુ ૨૯૨ મીટર ઊંચાઈ ધરાવતું 'જુઓઝપાઈન્સ' સ્થળ અગ્નિકોણમાં છે. દરિયાકિનારાની લાંબી ભૂમિપટ્ટી પરના રેતીના શ્વેત ઢૂવા લોકો માટે પ્રવાસસ્થળ બની રહેલા છે. ત્યાં વિહારધામોની વ્યવસ્થા પણ છે. ઢૂવાઓના અવરોધથી બાલ્ટિક સમુદ્રને કિનારે ખાડીસરોવર રચાયેલું છે.

આ દેશે બહુ ગરમી જોઇ નથી ત્યાં જાન્યુઆરી ઠંડામાં ઠંડો અને જુલાઈ ગરમમાં ગરમ રહે છે. દેશના પૂર્વના ભાગોમાં જાન્યુઆરી અને જુલાઈનાં તાપમાન અનુક્રમે ૬ સે. અને ૧૮ સે. જેટલાં તથા દરિયાકિનારા નજીકનાં તાપમાન અનુક્રમે ૩ સે. અને ૧૬ સે. જેટલાં રહે છે. આપણા હિલસ્ટેશન જેવો દેશ છે!!

હમણા વિલ્નિયસમાં દિવસે ૩૦ ડિગ્રી સુધી તાપમાન ઊંચું ગયું. ( અમારે ત્યાં આટલું તાપમાન રાત્રિના હોય અને ખાટલામાંથી અંધારિયામાં તારા/આકાશગંગા નિહાળતા કહેતા હોય કે હવામાં ઠંડક છે!)એમાં તો સરકારે પબ્લિક પ્લેસમાં ફુવારાઓ શરૂ કર્યા. લોકોએ તેનો લાભ લીધો .બોલો ત્યાંના લો " લો કેવા સુંવાળા અને આળા કહેવાય? ?આટલા નીચા તાપમાનમાં આકળવિકળ થઈ જાય, સરકારે જાહેર સ્થળોએ ફુવારા ચાલું કરવા પડે!!

આપણે ત્યાં ચુરૂમાં ઉનાળામાં ૪૯ ડિગ્રી તાપમાન હોય છે. જયાં કોઇ ફુવારા બુવારા ગુબ્બારા ચલાવાતા નથી !!!માથા પર પાંચ કિલો બરફનું ગચિયું લઇને ઓર્ગેનિક હર્બલ હિમાલય કરતા નથી. ઘરમાં જમ્બો એરકુલર હોય છે. લોકો પરસેવાથી નિતરી જાય છે.આપણે ત્યાં પાણીની તકલીફ હોય તો ટેક્રર મારફતે પાણી આપવામાં આવે છે!!

અમારે ત્યાં ૪૮ કે ૪૯ ડિગ્રી ગરમી હોય તો પણ એસટીના ડ્રાઈવર કંડકટર બસ સ્ટેશને બસ ઊભી રાખી નીચે ઉતરી ચા-પાણી કરી યેવલા બીડી સળગાવી ધુમાડા કાઢે.

ભજિયાંની લારીએ થાળમાં મુકેલ ભજિયાને હાથ અડાડી પૂછે, ભજિયા ગરમ નથી. ગરમાગરમ ૧૦૦ ગ્રામ ભજિયા તોલો!! વરસો પહેલાં એક વડીલ ભીષણ ગરમી સહન ન થતા અગનપિછોડી ઓઢી લઈ જીવનનો અંત આણ્યો હતો!! વાસ્તવમાં તો ભીષણતમ ગરમી સહન ન થાય તો ડીપ ફ્રિજરમાં બેસી, બરફની મોટી પાટ પર લંબાવી કે બરફની ફેકટરીમાં બેસીને જીવનનો અંત લાવવાનો હોય. વ્હોટ ડુ યુ સે માય ડિયર રીડર રાજા ઔર રાની લેડીશીપ!!!

ભરત વૈષ્ણવ
૧૮.૭.૨૦૨૨.

## કર્યું છે

ભરત વૈષ્ણવ
૧૮.૭.૨૦૨૧.
દુખની કેક પર સુખનું ટોપિંગ કર્યું છે,
સત્ય પર અફવાનું ગોસિપિંગ કર્યું છે.
વાનગી તીખી,ચટપટી,ક્રિસ્પી જોઈએ,
નિંદાપસ કૂથલીનું ગારનિશિંગ કર્યું છે.
જીવન ને મરણ વચ્ચે યુગોથી અથડાઉં,
સરકારી ફાઈલો જેવું ટોસિંગ કર્યું છે.
અમે સદૈવ શાસિત શોષિત રૈયત છીએ,
સખીએ બ્રિટનની રાણી જેવું બોસિંગ કર્યું છે.
તકલીફોને પીડાઓ સાથે કાયમી નાતો છે,
કોઈને લાગે કે તેનું લાઈવ સ્ટ્રીમિંગ કર્યું છે.

## કેથલિક પાદરીઓના અવિવાહિત રહેવાનો નિયમને બદલવાની તૈયારી, જેથી યૌન ઉત્પીડન રોકી શકાય

ન્યૂયોર્ક,તા.૧૮

કેથલિક ચર્ચના પાદરીઓ પર અનેકવાર યૌન શોષણ અને દુષ્કર્મના આરોપ લાગી ચૂક્યા છે. આવી ઘટનાઓ રોકવામાટે ખ્રિસ્તીઓના સર્વોચ્ચ ધર્મગુરુ પોપ ફ્રાન્સિસે પ્રિસ્ટલી સેલિબેસીને હટાવવાની વાત કહી છે. સાથોસાથ તે મામલે દુનિયાના ૧૪૦ કરોડ કેથલિક લોકોના અભિપ્રાય માંગ્યા છે.

મૂળે, પ્રિસ્ટલી સેલિબેસી એવી પ્રથા છે, જેમાં કેથલિક ચર્ચના પાદરીને આજીવન અવિવાહિત રહેવાનું હોય છે. પોપનું માનવું છે કે આ નિયમથી પાદરીઓની યૌન આકાંક્ષાઓ પૂરી નથી થઈ રહી. સાથોસાથ અવિવાહિત રહેવાનું પાલન કરવામાં દરેક વ્યક્તિ સક્ષમ નથી.

# નવાવાસના નાગરાજ નગરમાં ગાયે મચાવ્યો આતંક : ૩ લોકોને કર્યા ઈજાગ્રસ્ત એકની હાલત ગંભીર

સિદ્ધપુર, તા.૧૮

સિદ્ધપુર નવાવાસના નાગરાજ નગરમાં આજે વહેલી સવારે એક ગાયએ આતંક મચાવ્યો હતો ત્યારે સવારે આ વિસ્તારના રહીશ ચમનભાઈ મકવાણા સહીત ૩ લોકોને ગાયે ઈજાગ્રસ્ત કર્યા હતા. સવારે આતંક મચાવનાર ગાયે ચમનભાઈ મકવાણા પર હુમલો કરી શિંગડા માં ભરાવી વિજોર્યા હતા ત્યારે આ વિસ્તારના લોકો ભેગા થઈ ગાયના આતંકમાંથી મહા મુસીબતે ચમનભાઈ બચાવ્યા.જેમાં ચમનભાઈ મકવાણા ગંભીર ઈજાઓ થવા પામી હતી જયારે ચમનભાઈને બચાવવા ગયેલ કલ્પેશકુમાર જશુભાઈ મકવાણાને ગાયે પગમાં ગંભીર ઈજાઓ પહોંચાડી હતી ગંભીર ઈજાગ્રસ્ત ચમનભાઈ મકવાણાને ૧૦૮ મારફતે સિદ્ધપુર જનરલ હોસ્પિટલમાં લઈ જય પ્રાથમિક સારવાર આપ્યા બાદ હાલત વધુ ગંભીર.હોવાથી વધુ સારવાર અર્થે પાટણ ધારપુર હોસ્પિટલ લઈ જવામાં આવ્યા. જોકે આ ગાયના આતંકથી આ વિસ્તારના રહીશોમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો અને ગાયના આતંકથી આ વિસ્તારના લોકો પોતાના ઘરોમાં પુરાયા હતા. જયારે સિદ્ધપુર પોલીસ સહિતની ટિમ ઘટના સ્થળે પહોંચી હતી ત્યારે આતંક મચાવનાર ગાયને વહેલી તકે પાંજરે પૂરવા આ વિસ્તારના રહીશો દ્વારા માંગ કરવામાં આવી

# વિકાસની ઝાંખી રજૂ કરતો રથ શહેરના સેક્ટર – ૬ અને કોબામાં પહોંચ્યો

**મોટી સંખ્યામાં લોકો જોડાયા**



ગાંધીનગર,

તારીખ: ૧૮/૭/૨૦૨૨

રાજ્ય સરકારના ૨૦ વર્ષ વિશ્વાસ અને ૨૦ વર્ષના વિકાસ વિશે જાણકારી પહોંચાડતો વંદે ગુજરાત વિકાસ રથ આજે સવારે શહેરના વોર્ડ નં-૧૦ના સેક્ટર-૬માં અને સાંજે કોબા ખાતે આવી પહોંચ્યો હતો. રથના આગમન પૂર્વે પ્રભાતફેરી, યોગ, વિવિધ સ્પર્ધા યોજવામાં આવી જેમાં મોટી સંખ્યામાં સ્થાનિકોએ ભાગ લીધો. આ યાત્રા અંતર્ગત બંને સ્થળે વિવધ કેમ્પના આયોજન થકી મા-કાર્ડ, આયુષ્યમાન કાર્ડ તેમજ નિરામય ગુજરાત અંતર્ગત મેડિકલ ચેક અપ, કોરોના વેકસીંન, બીપી અને ડાયાબિટીસની ફ્રી તપાસનું પણ આયોજન કરવામાં આવ્યું હતું જેનો સ્થાનિકોએ લાભ લીધો હતો.

આ કાર્યક્રમ દરમિયાન વિવિધ યોજનાના લાભાર્થીઓને કીટ અને પ્રમાણપત્ર આપવામાં આવ્યા તેમજ ન્ઈઙ્ઘ સ્ક્રીન સાથે તૈયાર કરાયેલા રથના માધ્યમથી ગુજરાતના ૨૦ વર્ષના વિકાસનું નિદર્શન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ મહાનુભાવોના વરદહસ્તે વૃક્ષારોપણ કરી પર્યાવરણની જાળવણીના ઉદ્દેશથી રોપા વિતરણ કરવામાં આવ્યું. આ કાર્યક્રમ દરમિયાન લોક સંગીતના ડાયરાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રસિદ્ધ લોકગાયક ભીખુદાન ગઢવી અને તેમની ટીમ દ્વારા સંગીતના સૂર રેલાવવામાં આવ્યા હતા. ડાયરાનો આનંદ માણવા મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.આ કાર્યક્રમમાં ગાંધીનગર મહાનગરપાલિકાનાં ડે. મેયરશ્રી પ્રેમલસિંહ ગોલ, સ્ટે. કમિટી ચેરમેન જશવંતભાઈ પટેલ, દંડક તેજલબેન નાયી, વોર્ડ પ્રમુખ મનીષભાઈ પટેલ, સહકારી અગ્રણી ગીતાબેન પટેલ, કોર્પોરેટર્સ મહેન્દ્રભાઇ પટેલ, પોપટસિંહ ગોહિલ, મીરાબેન પટેલ હાજર રહ્યા હતા. કાર્યક્રમના અંતે મહાનુભાવો દ્વારા રથને લીલી ઝંડી આપી રથને આગળ પ્રસ્થાન કરાવ્યું.

# ચાણસ્મા ના સરસાવ ગામમાં આવેલ રોહિત વાસમાં ચુડવેલ નામની જીવાત ના કારણે રહીશો ભારે પરેશાન

રિપોર્ટ નિખિલ જોશી પાટણ બ્યુરો



ચાણસ્મા તાલુકામાં મેઘરાજાની મહેરબાની બાદ મચ્છર સહિત અન્ય જીવાતો નો ભારે ઉપદ્રવ વધી રહ્યો છે ત્યારે ચાણસ્મા તાલુકાના સરસાવ ગામની અંદર આવેલ રોહિત વાસની અંદર ચૂડવેલ નામની કહેવાતી જીવતોનો ભારે ઉપદ્રવ વધી રહેતા સ્થાનિક લોકો ભારે પરેશાની ભોગવી રહ્યા છે ત્યારે તંત્રને રજૂઆત કરવા છતાં આજ દિન સુધી કોઈ દવાનો છંટકાવ કરવામાં આવેલ ન હોવાનું જાણવા મળ્યું હતું.

મળતી વિગતો મુજબ પાટણ જિલ્લાના ચાણસ્મા તાલુકાના સરસાવ ગામે આવેલ રોહીત વાસની અંદર ચૂડેલ નામની જીવાત ના કારણે સ્થાનિકો ભારે હાલાકી નો સામનો કરી રહ્યા છે ત્યારે સ્થાનિકો દ્વારા તાલુકા પંચાયતના પ્રમુખને રજૂઆત કરાતા પ્રમુખ દ્વારા આરોગ્ય વિભાગમાં જાણ કરીશ તેવી હૈયાધારણા આપી હતી તેમ છતાં આરોગ્યતંત્રના અધિકારીઓ આજ દિન સુધી આવ્યા ન હોય ચુડવેલ નામની જીવાતો નો ત્રાસ દિન પ્રતિદિન વધી રહ્યો હોય તેવું ગામ ના રોહિત વાસના જાગૃત નાગરિકો દ્વારા જણાવ્યું હતું ત્યારે આ બાબતે ગામના જાગૃત નાગરિક દ્વારા સ્થાનિક મીડિયા ને જાણ કરાતા પત્રકાર દ્વારા તાલુકા પંચાયતના પ્રમુખને ટેલીફોનિક જાણ કરાતા પ્રમુખ દ્વારા જણાવ્યું હતું કે મને જાણ થતા મેં આરોગ્ય વિભાગને જાણ કરી છે

## પૂર્વીય ડાંગના અંતરિયાળ વિસ્તારમા આવેલા ગારખડી, પીપલદહાડ અને શેપુઆમ્બા ગામે 'વંદે ગુજરાત વિકાસ યાત્રા'નુ ભવ્ય સ્વાગત :

-ડાંગ જિલ્લાના બાગાયત કરતા ખેડુતો જોગ ;

આહવા: તા: ૧૮: ડાંગ જિલ્લામા બાગાયતી ખેતી કરતા ખેડુતો માટે સને ૨૦૨૨-૨૩ના વર્ષમા વિવધ યોજનાઓનો લાભ લેવા માટે તા.૧૨/૦૭/૨૦૨૨ થી તા. ૩૧/૦૭/૨૦૨૨ સુધી આઈ-ખેડુત (www.ikhedut.gujarat.gov.in) પોર્ટલ ના માધ્યમથી અરજીઓ મંગાવવામા આવી છે. કમલમ ફળ(ડ્રેગન ફ્રુટ)નુ વાવેતર, કોમ્પ્રીહેન્સીંગ હોર્ટીકલ્ચર ડેવલપમેન્ટ કાર્યક્રમ, ઘનિષ્ઠ ખેતીથી વાવેલ ફળપાકો, ફુલપાકો, ઔષધીય અને સુગંધિતપાક, પ્લાસ્ટીક મલ્ચીંગ, HRT-10 ફળઝાડ વાવેતર વિસ્તાર ધરાવતા, ફળપાક પ્લાન્ટીંગ મટીરીયલ, શોર્ટીંગ ગ્રેડીંગ ખળાના સાધનો જેવી વિવિધ ચાલતી ખેડુત લક્ષી યોજનાઓમા લાભ લેવા માંગતા લાભાર્થીઓએ નિયત સમય મર્યાદાઓમા અરજી કરી, જરૂરી સાધનીક કાગળો જેવા કે ૮-અ, ૭-અને ૧૨ નકલ, આધારકાર્ડ, ચાલુ બેંક ખાતાની વિગત તથા જાતિ અગેંના દાખલાની નકલ સાથે મદદનીશ બાગાયત નિયામક, આહવા જી.ડાંગમા રજુ કરવા જણાવાયું છે. આ અંગેની વધુ માહિતી અને માર્ગદર્શન માટે કચેરીનો સંપર્ક નંબર : ૦૨૬૩૧૨૨૧૨૭૩ પર સંપર્ક કરવા જણાવાયુ છે.

નરેન્દ્ર પવાર,
ડાંગ

# પતંજલિ યોગ સમિતિ ગાંધીનગર માનસ સેવા ટ્રસ્ટ ગાંધીનગર અને ડિવાઈન યોગ અને નેચરોપેથી સેન્ટર ના સંયુક્ત ઉપક્રમે આધ્યાત્મિક તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમ દ્વારા ગુરુપૂર્ણિમા મહોત્સવ ઉજવાયો





ગાંધીનગર,

તારીખ ૧૩ જુલાઈ ૨૦૨૨ ને બુધવારના રોજ ગાંધીનગર સ્ટાફ ટ્રેનિંગ ઓડિટોરિયમ ખાતે ભારતીય પરંપરા પ્રમાણે ગુરુ-શિષ્યના અનમોલ ઋણાનુબંધ ને ઉજાગર કરવા ગુરુપૂર્ણિમા મહોત્સવ ઉજવાયો.

જેમાં કાર્યક્રમની શરૂઆત ગાંધીનગર જિલ્લા યજ્ઞ પ્રભારી ગીતાબેન જોબનપુત્રા ની સમગ્ર ટીમ દ્વારા વૈદિક હવન કરી કરવામાં આવી. ત્યારબાદ કાર્યક્રમમાં ઉપસ્થિત મુખ્ય અતિથિ ચિલોડા આર્મી કેમ્પ ના મુખ્ય કમાન્ડર સાંઈ પ્રસાદજી, સામવેદ ગ્રુપના બિલ્ડર જીગ્નેશભાઈ પટેલ તથા રુદ્ર ડેવલોપરના શૈલેષભાઈ પ્રજાપતિ ની સાથે જોષી દાદા, ગુરુ માતા સીતાજી અને યોગાચાર્ય ડોક્ટર કાનજીભાઈ બાવરી દ્વારા દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું. ગુરુ વંદના આ કાર્યક્રમને પ્રોત્સાહક, આનંદદાયક અને યાદગાર બનાવવા ભારતીય પરંપરા, ગુરુભક્તિ અને દેશભક્તિ રજુ કરતા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યા. જેમાં શિવસ્તુતિ જયદીપા રાજગુરુ ના નેતૃત્વ હેઠળ પ્રાચીન ગરબો ગીતાબેન જોબનપુત્રના અને કોરિયોગ્રાફર હેતલબેન નેતૃત્વ હેઠળ,અર્વાચીન ગરબો કવિતાબેન રાઠોડના નેતૃત્વ હેઠળ ગુરુભક્ત આરુણિનું નાટક ખુશ્બુબેન નાયક ના નેતૃત્વ હેઠળ તેમજ યોગ પિરામિડ નો કાર્યક્રમ હર્ષિલ ભાઈ અને કવિતાબેન નેતૃત્વ હેઠળ ખૂબ જ અદભુત રીતે પ્રદર્શિત કરવામાં આવી આ ઉપરાંત પ્રોફેસર બીજલ ગઢીયા દ્વારા સુંદર સ્વરચિત કાવ્ય પઠન કરવામાં આવ્યું. ત્યારબાદ ભારતીય વીરાંગના ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ ઉપર વૈશ્વિ દેસાઈ દ્વારા એક પાત્રીય અભિનય રજૂ કરવામાં આવ્યો અને પ્રમોદ ભાઈ ઉપાધ્યાય દ્વારા દેવી કે પ્રસાદ કા ફુલ ઉપર અત્યંત લાગણીશીલ એક પાત્રીય અભિનય રજૂ કરવામાં આવ્યો. ગુરુપૂર્ણિમા મહોત્સવ ના કાર્યક્રમમાં ગુરુનું મહાત્મ્ય પ્રિયંકાબેન બંધીયા કે જેવો ડી.વાય.એસ.ઓ તરીકે કાર્ય કરી રહ્યા છે તેમના દ્વારા વ્યક્ત કરવામાં આવ્યું. સંસ્થા દ્વારા ગાંધીનગર જિલ્લામાં વિવિધ સ્થળોએ નિ:શુલ્ક યોગ ક્લાસ ચલાવતા શિક્ષકોને તેમના ઉમદા સેવા કાર્ય બદલ મોમેન્ટો આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા. આ ઉપરાંત મહિલા પતંજલી યોગ સમિતિ ગાંધીનગર દ્વારા આયોજિત પ્રશિક્ષણ શિબિર ના સર્ટિફિકેટ નું પણ વિતરણ કરવામાં આવ્યું કાર્યક્રમના અંતમાં યોગાચાર્ય ડોક્ટર કાનજીભાઈ બાવરીનું તથા તેમના ધર્મપત્ની સીતાજીનું ગુરૂ પૂજન કરી પ્રસાદ લઈ યોગને વિકલ્પ રહિત સંકલ્પ બનાવી કાર્યક્રમનું સમાપન કર્યું. કાર્યક્રમના ઉત્કૃષ્ટ સંચાલન માટે એક્કર ઉર્મિલાબેન ઝણકાટ, યુવા પ્રભારી પ્રકાશભાઈ વણજારા, મહામંત્રી જે બી મહેતા સાહેબ, કિસાન સમિતિના પ્રભારી શૈલેષભાઈ પટેલ, મીડિયા પ્રભારી આશિષભાઈ દેસાઈ, સંવાદ પ્રભારી ટીનાબેન તથા કર્મઠ કાર્યકર્તા એવા હિતેન્દ્રભાઈ બાવરી, અમિતાબેન, વાગમીનભાઈ ભાઈ પંડ્યા અને પ્રિયંકા બેન પંડ્યાનો મહિલા પતંજલિ પ્રભારી ડોક્ટર નેહલ દેસાઈ હૃદયના ઊંડાણથી આભાર વ્યક્ત કરું છું.




**ભાજપા ગુજરાત પ્રદેશ અધ્યક્ષ અને નવસારી સાંસદ શ્રી સી આર પાટીલ સાહેબે ભારત ના રાષ્ટ્રપતી શ્રી ની ચુંટણી માટે દિલ્હી ખાતે મતદાન કર્યું.**

# પૂર્વીય ડાંગના અંતરિયાળ વિસ્તારમા આવેલા ગારખડી, પીપલદહાડ અને શેપુઆમ્બા ગામે 'વંદે ગુજરાત વિકાસ યાત્રા'નુ ભવ્ય સ્વાગત




ગ્રામીણ હાટ/બજારમા ઉમટેલા ડાંગ ઉપરાંત મહારાષ્ટ્રના પણ સેંકડો ગ્રામજનોએ ગુજરાતના વિસ વર્ષના વિકાસને નિહાળ્યો :.-

: આહવા: તા: ૧૮: પૂર્વીય ડાંગના સરહદી વિસ્તારમા આવેલા ગારખડી, પીપલદહાડ, અને શેપુઆમ્બા ગામે ગુજરાતના વિસ વર્ષના વિકાસની ગાથા લઈને પહોંચેલી 'વંદે ગુજરાત વિકાસ યાત્રા' નુ ગ્રામીણજનોએ ભવ્ય સ્વાગત કર્યું હતુ.

મહારાષ્ટ્ર રાજ્યની સરહદે આવેલા ગુજરાત રાજ્યના છેવાડાના ગામે પહોંચેલી આ વિકાસ યાત્રાને શનિવારી હાટ, બજારમા ઉમટેલા ડાંગ સહિત મહારાષ્ટ્રના ગ્રામજનોએ પણ અહોભાવ સાથે નિહાળી, ગુજરાતના વિકાસની ગતિ અને પ્રગતિનો ચિતાર મેળવ્યો હતો.

સુબિર તાલુકા પંચાયતના પ્રમુખ શ્રી બુધુભાઈ કામળી સહિતના પદાધિકારીઓએ યાત્રા સાથે જોડાઈને, વિવિધ યોજનાકીય લાભો એનાયત કરવા સાથે, નાણા પંચના વિવિધ કામોનુ લોકાર્પણ અને ખાતમુહૂર્ત પણ કર્યું હતુ. મહાનુભાવો તથા અધિકારીઓએ અહીં વૃક્ષારોપણ પણ કર્યું હતુ.

વિવિધ શૈક્ષણિક સ્પર્ધાઓ, યોગ નિદર્શન, સ્વચ્છતા અભિયાન, આરોગ્ય કેમ્પ, સાહિત્ય વિતરણ, સાથે ઠેર ઠેર વિકાસ યાત્રાનુ સાંસ્કૃતિક કૃતિઓ સાથે ભવ્ય સ્વાગત સત્કાર કરાયુ હતુ.

સુબિર તાલુકામા સફળ રીતે આગળ વધી રહેલી પીપલદહાડની 'વંદે ગુજરાત વિકાસ યાત્રા'મા મામલતદાર કુ. પ્રિયંકા પટેલ, તાલુકા વિકાસ અધિકારી શ્રી વિશાલ પટેલ સહિત વીજ વિભાગના નાયબ ઈજનેર શ્રી વી.ડી.પટેલ, પોલીસ અને ફોરેસ્ટના અધિકારીઓ, આરોગ્ય અને શિક્ષણ વિભાગના કર્મયોગી, ગ્રામ પંચાયતના સરપંચ અને સભ્યો સહિત મોટી સંખ્યામા ગુજરાત અને મહારાષ્ટ્રના ગ્રામજનો જોડાયા હતા.

નરેન્દ્ર પવાર
ડાંગ

# મહેસાણામાં ૧૪૬ કરોડ ના ખર્ચે તૈયાર થયેલા અંડર પાસ નું થશે લોકાપર્ણ



મહેસાણા

૨૦ જુલાઈ ના રોજ સી એમ હસ્તે સાંજે ૫ કલાકે થશે લોકાપર્ણ

પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે પ્રેસ યોજી આપી માહિતી.પ્રજા ને પડતી અગવડ નિવારવા ટૂંક જ સમયમાં લોકપર્ણ નો નિર્ણય લેવાયો..નીતિનભાઈ પટેલ

# ભાજપ શાસિત નગરપાલિકા માં ઉકળતો ચરુ.

મહેસાણા

આવાસ યોજના ચેરમેને ભારતી બેન પંકજકુમાર ઠાકોરે ધરી દીધું રાજીનામું

ઘણાં લાંબા સમય થી થતી હતી અવગણના

ચેરમેન ની જાણ બહાર જ આવાસ યોજના નું કામ થતું હોવાનો આક્ષેપ

આવાસ ના કામો ની માહિતી પણ ચેરમેન ને આપવા આવતી નહોતી

પાલિકા માં એક હથ્થુ શાસન થી નારાજ ચેરમેન નું રાજીનામું

આવાસ યોજના ના ચેરમેન પદ થી રાજીનામું

# ગ્રામ વિકાસ એજન્સી વડોદરા ની તાલુકા પંચાયત તાલુકા વિકાસ અધિકારી આઇઆરડી શાખા ના કામદારને સરકારશ્રીના પરિપત્રના લાભો આખરી આદેશ

**પૂરેપૂરા લાભો આપવાનો આખરી આદેશ ફરમાવતા આઇઆરડી શાખાના કામદારો તેમજ અરજદારના પરિવાર મા આનંદની લાગણી પ્રવૃત્તિ છે**

વડોદરા ,

વડોદરા જિલ્લામાં આવેલ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી ના તાબા હેઠળની તાલુકા વિકાસ અધિકારી તાલુકા પંચાયત ની આર આઈ ડી શાખામાં રોજમદાર તરીકે રાજુભાઈ એ ભાલીયા તારીખ ૧/૭/૯૭ થી વોટર બેરર કમ પ્યુન તરીકેની ફરજમાં હાજર થયા હતા જે તે સમયે તેઓને માસિક પગાર રૂપિયા ૩૦૦ ચૂકવવામાં આવતો હતો ત્યારબાદ તારીખ ૩૦/૯/૯ તેઓને લઘુતમ વેતન ધારા મુજબ પગાર ચૂકવવાનું શરૂ કરે તે સિવાયના કોઈપણ પ્રકારના લાભો આ કામદારને આપવામાં આવતા ન હતા. આ જ પ્રકારની કચેરીમાં ફરજબજાવતા અન્ય કામદારોને સરકારશ્રીના તારીખ ૧૭/૧૦/૮૮ ના પરિપત્રના લાભો ચૂકવવામાં આવતા હતા એ બાબતે અરજદારે જે તે સમયના અધિકારી સમક્ષ એ મુજબના પગાર લાભો મેળવવાની માંગણી કરે પરંતુ તેમની માંગણી લાંબા સમય સુધી સંતોષવામાં ન આવતા અરજદારે ગુજરાત સ્ટેટ લેબર ફેડરેશન ના પ્રમુખ એએસ ભોઈ પંચમહાલ કાલોલ નો સંપર્ક કરી કચેરીના જે તે અધિકારીઓને ઉદેશીસરકારશ્રીના પરિપત્રના લાભો આપવા માટેનીમાંગણી કરતો પત્ર પાઠવે એ પત્ર મળ્યા બાદ પણ સરકારી કચેરીનાઅધિકારીઓ દ્વારા કોઈ યોગ્ય પ્રત્યુતર આપવામાં આવેલ નહતો ના છૂટકે ફેડરેશ ને અરજદારને પરિપત્રના લાભો અપાવવા બાબતે નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ એસસી એ નંબર ૩૧૯૨/૧૯ દાખલ કરી પરિપત્રના લાભોની માંગણી મેળવવા વિવાદ ઉપસ્થિત કરેલ અરજદાર તરફે આ કામે પડેલા પુરાવા આધારિત નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા તારીખ ૭/૭/૨૨ ના રોજઅરજદારનીરોજમદાર તરીકે નોકરીની દાખલ તારીખ નો સમય સળંગગણી સરકાર શ્રી એ નિયત કરેલ પરિપત્ર મુજબના પૂરેપૂરા લાભો આપવાનો આખરી આદેશ ફરમાવતા આઈઆરડી શાખાના કામદારો તેમજ અરજદારના પરિવાર મા આનંદની લાગણી પ્રવૃત્તિ છે.

પ્રમુખશ્રી ગુજરાત સ્ટેટ લેબર ફેડરેશન કાલોલ જિલ્લા પંચમહાલ એ એસ ભોઈ

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.

CYMK